RNI Reg. GUJGUJ/2010/44893

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

યોથી જાગીરનો પડકાર

સાંધ્ય દૈનિક

સુવિચાર

કબુલ કરવાની હિંમત અને સુધારી દેવાની દાનત હોય તો ભૂલમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે...

રાજકોટમાં અલગ અલગ જગ્યાએથી બાઈક ચોરી કરતી બેલડી ઝડપાઈ P-4

Year-16, Issue-251 ■ DATE : 06-02-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

રિઝર્વ બેંકે વ્યાજદરો ફરી યથાવત રાખ્યા

લોન મોંઘી નહીં થાય: રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત: ગત વર્ષમાં ચાર વખત રેપો રેટમાં ૧.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો: આરબીઆઇના મતે મોંઘવારીની સ્થિતિ હાલમાં રાહત ભરી

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

આ વખતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. ગવર્નર સંજય મલ્હોત્રાએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ સમિતિના નિર્ણયોની જાહેરાત કરી. કેન્દ્રીય બજેટ ૨૦૨૬ અને તાજેતરના ભારત-અમેરિકા વેપાર કરાર પછી આ પહેલી નીતિ સમીક્ષા છે, જેના પર દલાલ સ્ટ્રીટ અને નાણાકીય જગત દ્વારા નજીકથી નજર રાખવામાં આવી છે. એ આ વખતે વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી અને યથાવત સ્થિતિ જાળવી રાખી છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી કે રેપો રેટ ૫.૨૫ ટકા પર સ્થિર રહેશે. આ નિર્ણયને કારણે, લોન વ્યાજ દર પણ યથાવત રહેશે, અને ગ્રાહકોને કોઈ રાહત મળશે નહીં. દેશની અર્થવ્યવસ્થા અંગે, સંજય મલ્હોત્રાએ કહ્યું કે ભારતની અર્થવ્યવસ્થા અને વળદ્ધિ હાલમાં મજબૂત સ્થિતિમાં છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં ફુગાવો નિયંત્રણમાં છે. RBI ગવર્નર નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે ફુગાવાનો અંદાજ ૩.૯ ટકાથી વધારીને ૪ ટકા કર્યો છે. દરમિયાન, બીજા ત્રિમાસિક ગાળા માટે ફુગાવાનો અંદાજ ૪ ટકાથી વધારીને ૪.૨ ટકા કરવામાં આવ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિએ નાણાકીય વર્ષ ૨૭ ના પહેલા અને બીજા ત્રિમાસિક ગાળા માટે ફુગાવાનો અંદાજ વધારીને અનુક્રમે ૪% અને ૪.૨% કર્યો છે, જે કુગાવામાં તીવ્ર ઘટાડાની અગાઉની અપેક્ષાઓથી અલગ થવાનો સંકેત આપે છે.

આ ફેરફાર MPC ની ત્રણ દિવસીય નીતિ સમીક્ષાના અંતે આવ્યો છે, જેમાં કેન્દ્રીય બેંકે રેપો રેટ ૫.૨૫% પર યથાવત રાખ્યો હતો. આ પગલું સૂચવે છે કે ધ્યેય ફુગાવાના અંદાજ અંગે વધુ સાવધ બની રહ્યું છે, ભલે તે વ્યાજ દરો પર સ્થિર વલણ જાળવી રાખે છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે તાજેતરના સોદાઓએ વળદ્ધિનો અંદાજ સકારાત્મક રાખ્યો છે.

RBI ગવર્નરે તેમના નાણાકીય નીતિ ભાષણની શરૂઆત એમ કહીને કરી હતી કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારતનું અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં છે. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન ડેટા સૂચવે છે કે દેશની આર્થિક વૃદ્ધિ ગતિ મજબૂત રહે છે. સ્થાનિક માંગ અને આર્થિક પ્રવૃત્તિ સંબંધિત સૂચકાંકો હજુ પણ સારું પ્રદર્શન કરી રહ્યા છે. ગવર્નરના મતે, વર્તમાન વૃદ્ધિ ગતિ ચાલુ રહેવાની શકયતા છે. આનો અર્થ એ છે કે બાહ્ય પડકારો છતાં, નજીકના ગાળામાં ભારતીય અર્થતંત્ર માટે નો અંદાજ સકારાત્મક રહેશે.

RBI ની નાણાકીય નીતિ બેઠક દર બે મહિને યોજાય છે. છેલ્લી બેઠક ડિસેમ્બર ૨૦૨૫ માં યોજાઈ હતી. આ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ ની પ્રથમ નાણાકીય નીતિ બેઠક છે. આગામી બેઠક એપ્રિલમાં યોજાશે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને ટેરિફ યુદ્ધો વચ્ચે આર્થિક વિકાસને ટેકો આપવા માટે RBI સતત રેપો રેટમાં ઘટાડો કરી રહી છે. આ બેઠક એક નિર્ણાયક સમયે આવી રહી છે, કારણ કે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઘણા મહત્વપૂર્ણ વિકાસ ચાલી રહ્યા છે. ભારતે તાજેતરમાં તેનું બજેટ રજૂ કર્યું છે અને ભારત-અમેરિકા વેપાર સોદો પૂર્ણ કર્યો છે, જેની અર્થતંત્ર પર અસર થઈ શકે છે.

SBI ના એક અહેવાલમાં જણાવાયું હતું કે RBI આ વખતે રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક અને સ્થાનિક જોખમો, વધતી જતી બોન્ડ યીલ્ડ, રૂપિયાની અસ્થિરતા અને આંતરરાષ્ટ્રીય અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને, RBI હાલ માટે સાવચેતીભર્યું વલણ અપનાવે તેવી શકયતા છે. પરિણામે, અગાઉની નીતિમાં છૂટછાટ છતાં, આ વખતે વ્યાજ દરો યથાવત રહેવાની શકયતા છે.

મોનેટરી પોલિસી કમિટીમાં ૬ સભ્ય હોય છે. એમાંથી ૩ આરબીઆઇના હોય છે, જ્યારે બાકીના કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવે છે. આરબીઆઇની મિટિંગ દર બે મહિને થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં મોનેટરી પોલિસી કમિટીની કુલ ૬ બેઠક યોજાઈ હતી. પ્રથમ બેઠક ૭-૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ થઈ હતી.

Petrol & Diesel Rate

પેટ્રોલ	₹. ૯૪.૨૪/લીટર
ડીઝલ	₹. ૮૯.૯૪/લીટર
CNG	₹. ૭૭.૦૦/કિલો

સતત બીજા દિવસે સોના-ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

આજે સોના અને ચાંદીના ભાવમાં સતત બીજા દિવસે તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. એમસીએકસ પર સવારે ૯ વાગ્યે ચાંદીના ભાવ પ્રતિ કિલો ૩,૧૫,૦૦૦ ઘટ્યા હતા. ચાંદીના ભાવ ૩,૨,૨૯,૮૭૨ પર પહોંચી ગયા છે. એમસીએકસ પર ચાંદીએ ૬% ની નીચી સર્કિટ લગાવી છે. આજે સોનામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. સોનામાં પણ ૦.૮૨% નો ઘટાડો જોવા મળી રહ્યો છે. સોનાનો ભાવ ૩,૧,૫૦,૬૭૫ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયો છે. સોના અને ચાંદીના ભાવ ભૂતકાળમાં વધતા દર કરતાં વધુ ઝડપથી તૂટી રહ્યા છે. ખાસ કરીને ચાંદીના ભાવે વૈશ્વિક



સ્તરે ખળભળાટ મચાવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીના ભાવ તેમની ટોચથી ૪૦% ઘટ્યા છે, અને ભારતમાં પણ તે સતત તૂટી રહ્યા છે. ગુરુવારે જ, સીએનએમસીએકસ પર ચાંદીના ભાવમાં ૨૦%નો મોટો ઘટાડો થયો હતો, જે ઘટીને ૬૪ પ્રતિ ઔંસ થઈ ગયો હતો.

ચાંદીના ભાવમાં ઝડપી વધારો જોઈને, રોકાયેલા લોકો ચિંતિત હતા. પરંતુ હવે, રોકાણકારો વધુ ભાવ વધારા માટે બેચેન છે, કારણ કે ચાંદીના ભાવ તેમની ટોચ પર પહોંચ્યા પછી દરરોજ તૂટી રહ્યા છે. ગુરુવારે, આંતરરાષ્ટ્રીય બજારમાં હાજર ચાંદીના ભાવ એક જ ટ્રેડિંગ દિવસમાં લગભગ ૨૦ ટકા ઘટી ગયા, જે તેમના જીવનકાળના ઉચ્ચતમ સ્તરથી લગભગ ૪૦ ટકા ઘટીને ૬૪ પ્રતિ ઔંસ (લગભગ ૨૮ ગ્રામ) થઈ ગયા. ગયા મહિને તેની કિંમત ૧૨૦ પ્રતિ ઔંસ સુધી પહોંચી ગઈ હતી.

ચાંદીના ભાવમાં આ વૈશ્વિક ઉથલપાથલના પરિણામે ભારતમાં આ કિંમતી ધાતુના ભાવમાં વધુ તીવ્ર ઘટાડો થવાની ધારણા છે, જ્યારે તે પહેલાથી જ ઝડપી કડાકો અનુભવી રહી છે.

સોનુ	ચાંદી
₹૧,૫૪,૪૬૦	₹૩,૬૯,૬૦૦
-૧૦	-૧૦૦
(૧૦ ગ્રામ, ૨૪ કેરેટ)	(૧ કિલો)

Today Rate

ડોલર	પાઉન્ડ
₹૯૦.૨૦	₹૧૨૨.૨૧

કોંગ્રેસની કાર્યશૈલી ગેરમાર્ગે દોરવાની છે: નરેન્દ્ર મોદી

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

બજેટ સત્રમાં બંને ગૃહોમાં હંગામો ચાલુ જ છે. બુધવારે વિપક્ષી સાંસદોએ ગૃહની અંદર ભારે હંગામો મચાવ્યો જેના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાષણ મોકૂફ રહ્યું.ગુરુવારે વડાપ્રધાન મોદીએ રાજ્યસભામાં પોતાનું ભાષણ આપ્યું હતું.

પીએમ મોદીના ભાષણ દરમિયાન વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા. આ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા આમ દરમિયાન થયું હતું.

પોતાના ભાષણ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે દેશ આજે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો છે. તેમણે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પર તેમની ઉંમર અંગે પણ કટાક્ષ કર્યો અને સૂચન કર્યું

કે તેઓ બેસીને સૂત્રોચ્ચાર કરે.

જેથી તેમને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.પીએમ મોદીએ દેશના યુવાનોની પ્રશંસા કરતા કહ્યું કે આજના યુવાનો દેશને આગળ લઈ જઈ રહ્યા છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે આપણે દરેક લક્ષ્ય પ્રાપ્ત કરવું જોઈએ. વડાપ્રધાનના ભાષણ દરમિયાન વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર કર્યા હતા.અને પછી વોકઆઉટ કર્યું હતું.

પોતાના ભાષણ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે દેશ દરરોજ યુવાન થઈ રહ્યો છે અને વિશ્વનું ભારત પ્રત્યે આકર્ષણ વધ્યું છે. તેમણે કહ્યું કે ભારત દરેક પડકારનો ઉકેલ પૂરો પાડી રહ્યું છે તેની અર્થવ્યવસ્થા ઝડપથી વિકસી રહી છે અને દેશ દરેક ક્ષેત્રમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૧મી સદીનો પહેલો ક્વાર્ટર પૂર્ણ થઈ ગયો છે, પરંતુ આ બીજો ક્વાર્ટર પણ એટલો જ નિર્ણાયક છે જેટલો ગત સદીમાં ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં બીજો ક્વાર્ટર નિર્ણાયક હતો. તેમણે કહ્યું- હું સ્પષ્ટપણે જોઈ શકું છું કે આ બીજો ક્વાર્ટર પણ એટલો જ શક્તિશાળી બનવાનો છે અને વિકસિત ભારતના નિર્માણ તરફ તે જ ઝડપી ગતિએ આગળ વધવાનો છે.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો સોમવારથી પ્રારંભ

ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા કામકાજનું કામચલાઉ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. આ બજેટ સત્રનો પ્રારંભ સોમવાર, ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રાજ્યપાલના સંબોધન પરના આભાર પ્રસ્તાવ સાથે થશે. ત્યાર બાદ શોકદર્શક ઉલ્લેખો અને સરકારી કામકાજ હાથ ધરવામાં આવશે. રાજ્યપાલના સંબોધન પર ત્રણ દિવસ સુધી વિગતવાર ચર્ચા ચાલશે, જેમાં ૧૯, ૨૦ અને ૨૩ ફેબ્રુઆરીનો સમાવેશ થાય છે. આ સત્રમાં નાણા પ્રધાન કનુભાઈ દેસાઈ દ્વારા ૧૮ ફેબ્રુઆરીના બજેટને રજૂ કરવામાં આવશે. તે જ દિવસે વર્ષ ૨૦૨૫-૨૬ના પુરક ખર્ચની માંગણીઓ તેમજ અગાઉના વર્ષો ૨૦૧૧-૧૨ અને ૨૦૧૮-૧૯ના વધારાના ખર્ચના નિવેદનો પણ રજૂ કરવામાં આવશે. બજેટ પરની સામાન્ય ચર્ચા ૨૫ ફેબ્રુઆરીથી શરૂ થઈને ૫ માર્ચ સુધી ચાલશે. માર્ચ મહિનાનું સમયપત્રક અત્યંત વ્યસ્ત રહેવાની ધારણા છે, જેમાં ૬ માર્ચથી ૨૩ માર્ચ સુધીના ૧૨ દિવસ દરમિયાન વિવિધ વિભાગોની અનુદાનની માંગણીઓ પર ચર્ચા અને મતદાન પ્રક્રિયા હાથ ધરાશે.

ઉમરગામના સરીગામ GIDCમાં ગેસ લીકેજ બાદ બ્લાસ્ટ

કેમિકલ કંપનીની દુર્ઘટનામાં સંચાલક સહિત ત્રણથી વધુ કર્મચારીઓ ઈજાગ્રસ્ત, GPCB અને ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે





મુખ્ય સમાચાર, વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા હેઠળ આવતી સરીગામ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશનમાં સિનેકસ મેટકેમ કેમિકલ કંપનીમાં ગેસ લીકેજની ગંભીર ઘટના બનતા અફરાતફરી મચી ગઈ હતી. ગેસ લીકેજની સાથે જ કંપનીમાં પ્રચંડ ધડાકો થયો હોવાની વિગતો સપાટી પર આવી છે. આ દુર્ઘટનામાં સંચાલક ઉપરાંત ૩થી વધુ કામદારો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે દોડી ગઈ છે.

કંપનીમાં ગેસ લીકેજ શરૂ થતા જ ઝેરી વાયુ આસપાસના વિસ્તારમાં ફેલાઈ ગયો હતો. જેના કારણે ત્યાં હાજર કામદારો અને નજીકના એકમોમાં કામ કરતા લોકોની આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ જેવી ફરિયાદો ઉઠી હતી. સ્થિતિ વણસતા અન્ય કંપનીઓના કામદારો પણ જીવ બચાવવા સુરક્ષિત સ્થળે દોડી ગયા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો.

ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, કંપનીના સંચાલક પણ આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયા છે. ફાયર વિભાગે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા કવાયત હાથ ધરી હતી, જ્યારે વહીવટી તંત્રે ગેસ લીકેજ પાછળના ચોક્કસ કારણો અને સુરક્ષાના ધારાધોરણોના ભંગ અંગે તપાસ શરૂ કરી છે.

સિનેકસ મેટકેમમાં ગેસ લીકેજ બાદ બ્લાસ્ટની ઘટના બાદ ભીલાડ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે પરિસ્થિતને ધ્યાને લઈને રોડ કોર્ડન કરી લીધો હતો. જેથી કરીને તેના પર કાબૂ મેળવી શકાય. પોલીસે સેફ ઝોન જાહેર કર્યો છે.

મેઘાલયમાં કોલસાની ખાણમાં વિસ્ફોટ થતા ૧૮ કામદારોના મોત

મુખ્ય સમાચાર, શિલોન્ગ

મેઘાલયના પૂર્વ જર્યતિયા હિલ્સ જિલ્લામાં ગુરુવારે એક મોટી દુર્ઘટના બની હતી. અહીં કોલસાની ખાણમાં ડાયનામાઈટ વિસ્ફોટમાં ૧૮ ખાણકામ કામદારોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં ઘણા લોકો ફસાયા હોવાની શક્યતા છે, જેના કારણે ગુરુવારે મોડી સાંજ સુધી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જે અંધારાને કારણે બંધ કરવી પડી હતી, આજે સવારે ફરીથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. સરકારે આ અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે. પોલીસ મહાનિર્દેશક આઈ નોંગરાંગના જણાવ્યા અનુસાર, બચાવ ટીમો શોધખોળમાં રોકાયેલી છે.

મિસિંગેટ-થાંગસ્કો વિસ્તારમાં કોલસા ખાણ વિસ્ફોટમાં અત્યાર સુધીમાં ચાર મૃતદેહો મળી આવ્યા છે.

મૃત્યુઆંક વધવાની આશંકા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રીએ દરેક મૃતકના પરિવારને ૨ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે, જ્યારે ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.

મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને તપાસના આદેશ આપ્યા. પૂર્વ જર્યતિયા હિલ્સના પોલીસ અધિક્ષક વિકાસ કુમારે જણાવ્યું હતું કે બચાવ કામગીરી દરમિયાન સ્થળ પરથી કુલ ૧૮ મૃતદેહો મળી આવ્યા છે.

સાણંદ નજીક દારૂ અને હુક્કા પાર્ટીમાં પકડાયેલા ૮૧ને પોલીસતંત્રએ આપી વીઆઈપી સરભરા

મુખ્ય સમાચાર, અમદાવાદ

ગત ૪ ફેબ્રુઆરીની રાત્રે ગોરસ સીમ નજીક આવેલા 'નિર્વાણા ગ્રીન્સ વિકેન્ડ હોમ' માં ચાલી રહેલી હાઈપ્રોફાઈલ દારૂ-હુક્કા પાર્ટી પર સાણંદ પોલીસે રેડ પાડી ૩૮ મહિલા સહિત ૮૧ લોકોની અટકાયત કરી હતી. જોકે, આથી વધુ ચોંકાવનારા દ્રશ્યો સાણંદ પોલીસ સ્ટેશનમાં જોવા મળ્યા હતા. જ્યાં આ આરોપીઓને નાસ્તો આપીને પોલીસ દ્વારા સરભરા કરવામાં આવી હતી.

બુધવારની રાત્રે સાણંદ પોલીસે બાતમીના આધારે નિર્વાણા ગ્રીન્સ વિકેન્ડ હોમમાં રેડ પાડી હતી. અહીં એક હાઈપ્રોફાઈલ દારૂ-હુક્કા પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં

ખાસ આમંત્રિત કરેલા મહેમાનોને જમવા સાથે દારૂ-હુક્કા પિરસવામાં આવ્યા હતા. સાણંદ પોલીસે સ્થળ પરથી ૮૧ લોકોની અટકાયત કરી હતી. જેમાં ૩૮ મહિલા અને ૪૩ પુરુષોનો સમાવેશ થાય છે. તમામ લોકોને સાણંદની સરકારી હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ માટે લઈ જવામાં આવ્યા હતા. જે બાદ કાયદેસરની કાર્યવાહી માટે સાણંદ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા.

રાત્રે દારૂની મહેફિલમાં રંગમાં ભંગ પાડીને લોકોને પકડીને પોલીસ સ્ટેશન લઈ જનાર સાણંદ પોલીસે જ બાદમાં તમામ આરોપીઓ માટે મોટી રાતે ચા-નાસ્તાની વ્યવસ્થા કરી હતી. સાણંદ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ નાસ્તો કરતા ચોખ્ખા નજરે પડ્યા હતા.

"આરોપીઓ હોય તો તેમને ભૂખ લાગે જ, એટલે એમના સબંધીઓ આવ્યા બાદમાં પોલીસે જ વેફરની વ્યવસ્થા કરી હતી. આ કંઈ ખોટું નથી. તેવો બચાવ પોલીસ ઈન્સ્પેકટર બી.ટી.ગોહિલે કર્યો છે.

એક વ્યક્તિ તો જાણે ચાલતી ફરતી દુકાન હોય તેમ હાથમાં વેફરના પડીકા લઈને સાણંદ પોલીસ સ્ટેશનમાં આવ્યો હતો. સાણંદ પોલીસ સ્ટેશનમાં જ દારૂની મહેફિલના આરોપીઓને ચા-નાસ્તો આપીને સરભરા કરવામાં આવી હતી. જોકે, આ વ્યક્તિ પોલીસના કહેવાથી જ વેફર લઈને આવ્યો હોવાનું સામે આવ્યું છે.

અબુ ધાબીમાં અમેરિકાની મધ્યસ્થિ હેઠળ રશિયા-યુક્રેને યુદ્ધ વિરામ તરફ આગળ વધવા લીધો નિર્ણય

મુખ્ય સમાચાર, અબુધાબી

અબુ ધાબીમાં અમેરિકાના મધ્યસ્થી હેઠળ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલી હાઈ-પ્રોફાઈલ શાંતિ વાટાઘાટો હવે એક નિર્ણાયક વળાંક પર પહોંચી ગઈ છે. ટ્રમ્પના શાંતિ દૂત સ્ટીવ વિટકોફે પુષ્ટિ કરી છે કે બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવા અને યુદ્ધ વિરામ તરફ આગળ વધવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રશિયા અને યુક્રેન વચ્ચે આગામી દિવસોમાં ૩૧૪ યુદ્ધકેદીઓની અદલાબદલી કરવામાં આવશે. છેલ્લા પાંચ મહિનામાં આ પ્રથમ મોટી સફળતા માનવામાં આવી રહી છે, જે આ ભયાનક જંગના અંતની શરૂઆત હોઈ શકે છે. આ બેઠકમાં માત્ર કેદીઓ જ નહીં, પરંતુ સુરક્ષા ગેરંટી અને ઝાપોરિઝિઝ્યા પરમાણુ પ્લાન્ટ જેવા ગંભીર મુદ્દાઓ

પર પણ મંથન ચાલી રહ્યું છે.

જોકે, આ શાંતિ પ્રયાસો વચ્ચે પણ યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીનું વલણ કડક જોવા મળી રહ્યું છે. ઝેલેન્સ્કીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તેઓ રશિયાને કોઈ પણ પ્રકારનો 'પુરસ્કાર' (જમીન કે છૂટછાટના રૂપમાં) આપવાના પક્ષમાં નથી. એક તરફ તરફ બંને દેશો દ્વારા એકબીજા પર ભીષણ ડ્રોન હુમલા પણ ચાલુ છે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રિયોએ આ જટિલ પરિસ્થિતિમાં સંયમ રાખવાની અપીલ કરી છે. ઝેલેન્સ્કીની આ નારાજગી પાછળનું મુખ્ય કારણ રશિયાની આકરી શરતો હોવાનું મનાય છે, જે યુક્રેનની સાર્વભૌમત્વ સાથે જોડાયેલી છે. વાટાઘાટોમાં પાંચ મુખ્ય શરતો પર સમજૂતી થવાની શક્યતા છે. પ્રથમ તબક્કે યુદ્ધ કેદીઓની અદલાબદલી બાદ, ઝાપોરિઝિઝ્યા ન્યુક્લિયર પ્લાન્ટને 'ન્યુટ્રલ ઝોન' જાહેર કરવા પર ચર્ચા ચાલી રહી છે, જેથી તેને આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ યુક્રેનની ઝીપ સાથે જોડી શકાય. રશિયાની સૌથી મોટી શરત એ છે કે યુક્રેન ભવિષ્યમાં ક્યારેય 'નાટો'માં સામેલ થશે નહીં, જેના બદલામાં અમેરિકા યુક્રેનને દ્વિપક્ષીય સુરક્ષા ગેરંટી આપી શકે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

જામનગરના વોર્ડ નંબર ૭માં ધારાસભ્યના હસ્તે ૪૬૪.૦૧ લાખના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીના પ્રયાસોથી તેઓના વિધાનસભા વિસ્તારમાં ફરીથી વિકાસ કાર્યોની વણઝાર શરૂ થઈ છે, અને વોર્ડ નંબર ૦૭ માં વધુ ૪૬૪.૦૧ લાખના ખર્ચે ૮ જેટલા વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા શહેરી વિકાસ યોજના અંતર્ગત જુદા જુદા વિકાસ કામો ની યાદી તૈયાર કરીને અલગ અલગ વિસ્તારમાં વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જેના ભાગરૂપે જામનગરના વોર્ડ નંબર ૭માં આવેલા સોહમનગર પાવનડેરી થી ધવલ પ્રોવિઝન સ્ટોર તરફ અને સોહમનગર શેરી નં. ૪ સુધી સી.સી. રોડના કામનું ધારાસભ્ય દિવ્યેશ અકબરીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ વિશાલ હોટલ પાસે, શ્રીજી મોટર સર્વિસથી પ્રગતિ ટેનામેન્ટ સુધી જતા વસંતકુંજ એપાર્ટમેન્ટ સુધી સી.સી. રોડના કામનું ખાત મુહૂર્ત કરાયું હતું.

જ્યારે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની અંતરમાળખાકીય સુવિધાની ગ્રાન્ટ અંતર્ગત ખંભાળીયા રોડ પર હોટલ વિશાલ પાસેથી સત્યમ કોલોની અંડર બ્રીજને જોડતી હયાત કેનાલને આર.સી.સી. બોક્સ કેનાલ બનાવવાના કામનું પણ ખાતમુહૂર્ત કરાયું હતું.ત્યારબાદ ઓશવાળ ૩ સોસાયટી શેરી નં. ૩ માં કાનાભાઈ ભારવાડીયાના ઘરથી વિજયભાઈ પરમારના ઘર સુધીના સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે સર્વમંગલ સોસાયટીમાં શૈલેષભાઈ પંડયાના ઘરથી પુરોહીત સ્કૂલ તરફ જતા રસ્તા પર આડી-ઉભી શેરીમાં સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું.

ત્યારબાદ શક્તિ સોસાયટી શેરી નં બે સહિતની આંતરીક શેરીઓમાં સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે મકવાણા સોસાયટી શેરી નં. ૨માં તિરુપતી પાનથી પી.પી. એન્ટરપ્રાઈઝ સુધી સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું. ત્યાર પછી મકવાણા સોસાયટી શેરી નં. -૩ માં ભોજાભાઈના ઘરવાળી શેરીમાં સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું.ઉપરોક્ત તમામ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત સમયે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીની સાથે જામનગર મહાનગરપાલિકાના મેયર વિનોદભાઈ ખીમસુરીયા, દંડક કેતનભાઇ નાખવા, ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, મહામંત્રી ભાવેશભાઈ ઠુંમર, વોર્ડ નાં ૭ ના કોર્પોરેટર ગોપાલભાઈ સોરઠીયા, અરવિંદભાઈ સભાયા, લાભુબેન બંધીયા, પ્રભાબેન ગોરેચા તથા શહેર ભાજપ ના અન્ય અગ્રણીઓ, વોર્ડ નાં. ૭ ના ભારતીય જનતા પાર્ટીના વોર્ડ પ્રમુખ અને મહામંત્રી,સ્થાનિક કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જામનગરમાં યુવાન પર છરી વડે હુમલો કરી લૂંટ કરનાર બે શખ્સો ઝડપાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના મયુરનગર પાસે એક યુવાનને મારકૂટ કરી ત્રણ શખ્સે રૂ.૧૮૦૦ની લૂંટ કરી હતી. આ ગુન્હામાં એલસીબીએ બે આરોપીને પકડી પાડ્યા છે અને ત્રીજાની શોધ શરૂ કરી છે.જામનગરના યાદવ નગરમાં રહેતા રમેશભાઈ દિનેશભાઈ જગતીયા નામના યુવાન સોમવારે રાત્રે મયુરનગર વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે ત્રણ અજાણ્યા શખ્સે તેઓને મારકૂટ કરી રૂા.૧૮૦૦ ઝૂંટવી લીધા હતા. ત્યારપછી પોતાના બે મિત્રો સાથે ફરીથી રમેશભાઈ ત્યાં જતા ફરીથી હુમલો કરાયો હતો.આ બનાવની ચાલી રહેલી તપાસમાં એલસીબી ટીમે ઝંપલાવ્યું હતું. જેમાં પીઆઈ વી.એમ. લગારીયાની સૂચનાથી એએસઆઈ દિલીપભાઈ તલાવડીયા, યુવરાજસિંહ, ઋષિરાજસિંહને મળેલી બાતમીના આધારે દિગ્જામ સર્કલ પુલ નીચેથી કાલાવડ નાકા નજીકના ખાટકીવાડમાં રહેતા અલબાઝ ઉર્ફે અરબાઝ ફારૂક કટારીયા તથા વાઘેરવાસમાં

રહેતા મોઈન શબ્બીર કકલની અટકાયત કરાઈ હતી.

આ શખ્સોની પૂછપરછ કરાતા તેઓએ પોતાના ત્રીજા સાગરિત સિદ્ધાર્થનગરવાળા મિતેશ ઉર્ફે મીત ઉર્ફે મીતલા સાગઠીયાને સાથે રાખી ઉપરોક્ત લૂંટ કર્યાની કબૂલાત આપી છે. એલસીબીએ એક મોબાઈલ, છરી, રૂા.૧૮૦૦ રોકડા કબજે કર્યા છે. અલબાઝ ઉર્ફે અરબાઝ સામે ચીલઝડપનો એક ગુન્હો તેમજ વાહનચોરીના છ ગુન્હા મળી કુલ નવ ગુન્હા સિટી, એ, બી અને સી ડિવિઝનમાં નોંધાયેલા છે. બંને આરોપીનો કબજો સિટી સી ડિવિઝનને સોંપાયો છે અને મીત સાગઠીયાની શોધ કરાઈ રહી છે.

જામનગરમાં રહેણાંક મકાનમાંથી દારૂ ઝડપાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જિલ્લાના પોલીસ વડા ડો. રવિ મોહન સૈની અને ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક પ્રતિભાની સૂચના મુજબ, જિલ્લામાંથી દારૂ-જુગારની બદી નાબૂદ કરવા માટે એલ.સી.બી. પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એલ.સી.બી.ના PSI સી.એમ. કાંટેલીયા, PSI એમ.વી. ભાટીયા અને સ્ટાફ જામનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાં.પેટ્રોલીંગ કરી રહ્યા હતા.આ દરમિયાન એલ.સી.બી. સ્ટાફના ક્રિપાલસિંહ જાડેજા અને અજયભાઈ વિરડાને મળેલી ખાનગી બાતમીના આધારે, જામનગર ખોડિયાર કોલોની, રાજ ચેમ્બર પાછળ, ગિરધરનગર એપાર્ટમેન્ટ, બ્લોક નં-બી, રૂમ નં-૩ માંથી આરોપી યુવરાજસિંહ કનુભા ચુડાસમા ઉ.વ.૨૬, ધંધો ડ્રાઈવિંગ ને ઝડપી પાડવામાં આવ્યો હતો.પોલીસે આરોપીના કબજામાંથી નાની-મોટી કુલ ૩૫૪ ઇંગ્લિશ દારૂની બોટલો કિંમત રૂ. ૧,૭૨,૬૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ. ૫,૦૦૦ મળી કુલ રૂ. ૧,૭૭,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આ અંગે પોલીસ કોન્સ્ટેબલ ભયપાસલિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી હતી અને પોલીસ હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજાએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક પૂછપરછમાં આરોપી યુવરાજસિંહે આ દારૂનો જથ્થો જામનગરની રીટાબેન સાથે મળીને વેચાણ કરતો હોવાનું જણાવ્યું હતું. આ સમગ્ર કાર્યવાહી વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ સી.એમ. કાંટેલીયા,એમ.વી. ભાટીયા તથા એલ.સી.બી. સ્ટાફના ભરતભાઈ પટેલ સહિતના દ્વારા કરવામાં આવી હતી.

જામનગરમાં વર્લીનો જુગાર રમતા પાંચ ઝડપાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર પંથકમાં પોલીસે જુગાર સંબંધિત બે દરોડા પાડ્યાં છે. શહેરના જકાતનાકા રોડ પર આશાપુરા સર્કલ પાસે જાહેરમાં એક ઓટોરિક્ષામાં વર્લીમટકાના જુગાર રમી રહેલાં પાંચ શખ્સોને મોબાઇલ, રોકડ અને રિક્ષા સહિત ૮૦ હજાર ઉપરાંતની મત્તા સાથે ઝડપી લીધા હતાં. જ્યારે દરેડ ગામથી આગળ મસીતિયા રોડ ઉપર જાહેરમાંથી રોનપોલીસનો જુગાર રમી રહેલાં છ શખ્સોને ૧૧ હજાર ઉપરાંતની રોકડ સાથે અટકાયત કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જામનગર સિટી સી ડિવિઝન પોલીસે જકાતનાકા રોડ પર આશાપુરા સર્કલ પાસે જાહેરમાં જીજે-૦૮-એટી-૨૭૦૪ નંબરની રીક્ષામાં વર્લીના આંકડા લખી લખાવી જુગાર રમી રહેલાં રામભાઇ દેવાભાઇ ચાવડા ઉ.વ.૫૦, રહે.આશાપુરા સર્કલ જકાતનાકા વિજયનગર શેરી નં.૩ અર્જુન એપાર્ટમેન્ટ સામે જામનગર. બાબુભાઇ ભોવાનભાઇ ભારથી (ઉ.વ.૪૧, રહે.ગોકુલનગર શેરી નં-૪/૦૮ ગીરીરાજ પાનની બાજુમાં જામનગર, જયસુખભાઇ શાંતીલાલ સોનગરા ઉ.વ.૪૪, રહે.ગોકુલનગર મોમાઇ પાનવાળી શેરી નં.૨ જામનગર કરશનભાઇ હરદાસભાઇ ગોજીયા ઉ.વ.૪૫, રહે.ગોકુલનગર અયોધ્યા નગર રામમંદિરની બાજુમાં જામનગર. અકબરભાઇ મામદભાઇ ખીરા ઉ.વ.૪૬, રહે.કનસુમરા ગામ મેઇન રોડ જમાતખાના પાસે જામનગર નામના પાંચ શખ્સોને પકડી પાડ્યાં હતાં.પોલીસે તમામ શખ્સો પાસેથી રૂા.૨૦,૦૦૦ ની કિંમતના ચાર મોબાઇલ ફોન, રૂા.૫૦,૦૦૦ ની કિંમતની એક રીક્ષા અને રૂા.૧૦,૩૨૦ ની રોકડ સહિત કુલ રૂા.૮૦,૩૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે કાર્યવાહી હાથ ધરી છે.પંચકોષી બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે જામનગર શહેર નજીકના દરેડ ગામથી આગળ મસીતિયા રોડ ઉપર આવેલ શિવપાર્ક સોસાયટીમાં જાહેરમાં રોનપોલીસ નામનો જુગાર રમી રહલાં અમજદખાન ઇકરામખાન અબ્બાસી ઉ.વ.૩૬, રહે.કનસુમરા ગામ સબ્બીર ભાઇના મકાનમાં, તા.જી. જામનગર મુળ રહે.૭૦, મેહમુફજનગર, જલાલપુર ચૌકી, અલીગઢ ઉત્તરપ્રદેશ. અબ્દુલસૈયદ અબ્દુલહફિજ કાદરી ઉ.વ.૬૪, રહે.લાલવાડી આવાસ બી-વિંગ મકાન નં-૬૦૮ જામનગર. શાકીર સમીરભાઇ શાહ.ઉ.વ.૪૧, રહે હાલ દરેડ, નાશીરભાઇ અબ્બાસભાઇ ની ખોલીમાં, નલી વિસ્તાર તા.જી.જામનગર મુળ રહે.મનીષપુર ગામ, મંડીચોક, જી.મથુરા ઉત્તરપ્રદેશ. મોહસીન સાકીર અંસારી.ઉ.વ.૨૬ ધંધો મજુરી રહે. દરેડ ગામ, કારાભાઇની ખોલીમાં, તા.જી.જામનગર મુળ રહે. અલીગઢ, મદીના મસ્જીદ,મુલલાપાડા, મુજુપુર, ઉત્તરપ્રદેશ, મુફત્યાજ અલી માસુક અલી ઉ.વ.૪૮, રહે. દરેડ, બોદુભાઇની ખોલીમાં, તા.જી.જામનગર મુળ રહે. મથુરા, ગોપાલપુરા, સરસ્વતીકુંડ, ઉત્તરપ્રદેશ), સાજીદ બલ્લુ ખાન (ઉ.વ.૩૦, રહે.દરેડ યુસુફભાઇની ખોલીમાં, જામનગર મુળ રહે.અલીગઢ, સાહજમાલ, મેહમુદનગર, ઉત્તરપ્રદેશ) નામના છ ઇસમોને રૂા.૧૧,૩૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પોલીસે તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના સાવસર પ્લોટ વિસ્તારના હોસ્પિટલ ઝોનમાં ટ્રાફિક જામથી જનતામાં રોષ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના સાવસર પ્લોટ વિસ્તારમાં ગેરકાયદેસર લારી-ગલ્લા અને આડેધડ પાર્કિંગથી દિવસમાં અનેક વખત ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે. હોસ્પિટલ ઝોન હોવા છતાં ૧૦૮ એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી દર્દીઓ સમયસર પહોંચી શકતા ન હોવાને કારણે ગંભીર સ્થિતિ ઊભી થઈ રહી છે.

મોરબી શહેરના સાવસર પ્લોટ વિસ્તારમાં હાલ ટ્રાફિકની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની ગઈ છે. હોસ્પિટલ ઝોન તરીકે ઓળખાતા આ વિસ્તારમાં ગેરકાયદેસર લારી-ગલ્લાના દબાણ અને રસ્તા પર આડેધડ ફોર વ્હીલ પાર્કિંગના કારણે દિવસ દરમિયાન ચારથી પાંચ વખત ટ્રાફિક જામ સર્જાય છે. પરિણામે ૧૦૮ એમ્બ્યુલન્સ સહિત ઈમરજન્સી દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સ્થિતિને લઈને ટ્રાફિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે. સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે ટ્રાફિક પોલીસ દબાણ હટાવવાની જગ્યાએ માત્ર મેમો બનાવીને દંડ વસૂલવામાં જ વ્યસ્ત રહે છે. વારંવાર રજૂઆતો છતાં ગેરકાયદેસર દબાણો સામે કડક કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ વધી રહ્યો છે. જીલ્લા પોલીસવડા ટ્રાફિક વ્યવસ્થા સુધારવાની વાતો કરે છે, પરંતુ સાવસર પ્લોટ જેવી સંવેદનશીલ જગ્યાએ ક્યારે કાયમી ઉકેલ આવશે તે અંગે નાગરિકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

મોરબી મનપાના કમિશનરની અધ્યક્ષતામાં ગૌશાળા સંચાલકો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકાની ANCD શાખા દ્વારા ટંકારા અને હળવદ તાલુકાની ગૌશાળાના સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં રંજાડ પશુ નિયંત્રણ, ગૌશાળામાં રાખવાની ક્ષમતા અને અત્યાર સુધીની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકાની પ્રાણી રંજાડ અંકુશ (ANCD) શાખા દ્વારા કમિશનરની અધ્યક્ષતામાં ટંકારા અને હળવદ તાલુકાની ગૌશાળાના સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં નાયબ કમિશનર સંજયકુમાર સોની, પશુપાલન અધિક્ષક, હળવદ તથા ટંકારા વેટેનરી ઓફિસર અને ANCD વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ટંકારા અને હળવદ તાલુકાની કુલ ૧૬ ગૌશાળાના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ગૌશાળા સંચાલકોએ અંદાજે ૫૫ પશુ રાખવાની બાહેંધરી આપી હતી. ANCD શાખાએ માર્ચ ૨૦૨૫થી અત્યાર સુધીમાં ૨૪૫૨ રંજાડ પશુ પકડ્યા હોવાનું જણાવ્યું હતું, જેને ટેગિંગ અને RFID લગાવી મોરબી જીલ્લાના વિવિધ તાલુકાની ગૌશાળા અને પાંજરાપોળમાં કાયમી સંભાળ માટે મૂકવામાં આવ્યા છે. શહેરમાં રંજાડ પશુ નિયંત્રણ માટે નિયમિત કામગીરી ચાલુ હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું.

મોરબીની પી.જી. પટેલ કોલેજમાં સી.એ. કોર્ષ માર્ગદર્શન માટે સેમિનાર યોજાયો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીની પી.જી. પટેલ કોલેજમાં જે.કે.શાહ કલાસીસ દ્વારા સી.એ. કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે વિશેષ માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં ગુજરાત હેડ પ્રોફેસર વિપુલ ઘેડિયાએ સી.એ. કોર્સ અંગે વિસ્તૃત માહિતી આપી અને સાથે સાથે મોરબીમાં જે.કે.શાહ કલાસીસ શરૂ થવાની જાહેરાત કરી હતી.

મોરબી જીલ્લાની પ્રતિષ્ઠિત પી.જી. પટેલ કોલેજ, જે બી.કોમ, બીબીએ અને એમ.કોમ જેવા કોમર્સ પ્રવાહના અભ્યાસક્રમોમાં સતત ઉચ્ચ પરિણામો આપતી આવી છે અને અકાઉન્ટનસી તથા સ્ટેસ્ટિક જેવા વિષયોમાં યુનિવર્સિટી લેવલે ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવતી સિદ્ધિઓ માટે જાણીતી છે, હવે તેના શૈક્ષણિક યશમાં વધુ એક પીછું ઉમેરવા જઈ રહી છે. કોલેજમાં બી.કોમ અને બીબીએ સાથે હવે સી.એ. જેવા વ્યવસાયિક અભ્યાસક્રમનું શિક્ષણ પણ ઉપલબ્ધ થવા જઈ રહ્યું છે. આ અન્વયે કોલેજ ખાતે જે.કે.શાહ દ્વારા સી.એ. કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે એક કારકિર્દીલક્ષી અને માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જે.કે.શાહ ક્લાસિસના ગુજરાત હેડ પ્રોફેસર વિપુલ ઘેડિયા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સી.એ. કોર્સની સંપૂર્ણ માહિતી, પ્રવેશ પ્રક્રિયા, અભ્યાસ પદ્ધતિ અને ભવિષ્યની કારકિર્દી સંભાવનાઓ વિષે વિદ્યાર્થીઓને સરળ અને સ્પષ્ટ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું.

સેમિનારમાં સી.એ. કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સાથે સાથે રાજકોટ સ્થિત જે.કે.શાહ બ્રાન્ચમાંથી મૌલિકભાઈ ટોળીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં મોરબીમાં ટૂંક સમયમાં જે.કે.શાહ કલાસીસ શરૂ થવાની માહિતી આપવામાં આવી હતી તથા ધોરણ ૧૨ ની બોર્ડ પરીક્ષા પૂર્ણ થયા બાદ તરત જ સી.એ. ફાઉન્ડેશન માટે એક ફ્રી વર્કશોપનું આયોજન કરવામાં આવશે, જે અંગેની વિગત આગામી સમયમાં જાહેર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

પ્રભારી મંત્રીએ મોરબી જીલ્લાના ઉદ્યોગપતિ આયોજિત ઓપન હાઉસમાં ભાગ લીધો

ઉદ્યોગોના ૩૬ પ્રશ્નો રજૂ કરાયા; નિરાકરણની પ્રભારી મંત્રીની ખાતરી

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી ગુજરાતના રાજ્યકક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના મંત્રી તેમજ મોરબી જીલ્લાના પ્રભારી મંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને મોરબી કલેક્ટર કચેરી ખાતે ઉદ્યોગપતિઓ સાથે ઓપન હાઉસ જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા યોજાઇ હતી. જેમાં ઉદ્યોગોના ૧૧ વિભાગના ૩૬ પ્રશ્નો રજૂ કરાયા હતા.

જીલ્લાના પ્રભારી મંત્રી ત્રિકમભાઈ છાંગાએ ઉદ્યોગપતિઓ, ઉદ્યોગગૃહના પ્રતિનિધિઓને કહ્યું હતું કે ગુજરાતના વિકાસમાં મોરબીના ઉદ્યોગનું મહત્વનું યોગદાન છે. ત્યારે કોઈ પણ જીલ્લાના ઉદ્યોગગૃહના વિવિધ સ્થાનિક, વહીવટી કે રાજ્યકક્ષાના પ્રશ્નો જાણી તેમને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ આવે તેમજ આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે તેવુ રાજ્ય સરકારનું વિઝન છે. મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, મોરબી જીલ્લાના વિકાસ માટે રાજ્ય સરકારનો અભિગમ સકારાત્મક છે એટલે જ મોરબીને મહાનગર પાલિકા અને ટંકારાને નગરપાલિકા બનાવી છે ત્યારે ઉદ્યોગોના વધુ વેગ માટે તેમજ મૂંઝવતા પ્રશ્નો માટે રાજ્ય સરકાર પૂરતો સહયોગ આપશે. આ સાથે નીતિ વિષયક સિવાયના પ્રશ્નોના નિરાકરણની મંત્રીએ ખાતરી આપી હતી.

જીલ્લા કલેક્ટર કે. બી. ઝવેરીએ ઉદ્યોગપતિઓ, ઉદ્યોગગૃહના પ્રતિનિધિઓને આવકારીને ઓપન હાઉસનો હેતુ જણાવતા કહ્યું હતું કે ઉદ્યોગગૃહના પ્રશ્નોના નિરાકરણ માટે તંત્ર પૂરતો સહયોગ આપશે. આ તકે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા, કલેક્ટર કે. બી. ઝવેરી, મ્યુ. કમિશનર સ્વપિનલ ખરે, પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવી, અધિક નિવાસી કલેક્ટર એસ. જે. ખાચર, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર એસ.બી. પારેજિયા સહિતના સબંધિત અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગગૃહના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબી જીલ્લા આયોજન મંડળની બેઠક પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને યોજાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી જીલ્લા આયોજન મંડળની બેઠક ગુજરાતના રાજ્યકક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના મંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી.

આ બેઠકમાં ૨૬/ ફેરફારના કામોને બહાલી આપવા, વિકેન્દ્રિત જીલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઇની નવી દરખાસ્તો મંજૂર કરવા, સામાજિક શૈક્ષણિક પછાત યોજનાની નવી દરખાસ્તો મંજૂર કરવા તેમજ વિકેન્દ્રિત જીલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઇના કામોની તથા સાંસદ અને ધારાસભ્યના વિસ્તારના વિકાસ યોજનાના કામોની પ્રભારી મંત્રી દ્વારા સમીક્ષા કરાઈ હતી. તેમજ પૂર્ણ થયેલા તમામ કામો પોર્ટલ ઉપર ચડાવવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં પ્રભારી મંત્રી ત્રિકમભાઈ છાંગાએ પ્રગતિ હેઠળના તથા નવા કામો સમય મર્યાદામાં ગુણવત્તાપૂર્વક રીતે પૂર્ણ કરવા તેમજ નવા કામો અને ફેરફાર વાળા કામની દરખાસ્તનો પૂર્ણ અભ્યાસ કરીને રજૂ કરવા જણાવ્યું હતું. અધિક નિવાસી કલેક્ટર એસ. જે. ખાચર અને આયોજન અધિકારી માંડલિયા દ્વારા બેઠકનું સંચાલન થયું હતું.

આ તકે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી, ધારાસભ્ય સર્વ દુર્લભજીભાઈ દેથરિયા અને મેઘજી ચાવડા, કલેક્ટર કે. બી. ઝવેરી, મ્યુ. કમિશનર સ્વપિનલ ખરે, પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવી, સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબી ડમ્પરમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂ-બિયરના જંગી જથ્થાની હેરફેર કરતા બે પકડાયા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામ નજીક ડમ્પરમાં ચોરખાનું બનાવી વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની નાની/મોટી બોટલો નંગ ૨૬૫૨ કિં.રૂ. ૫,૦૪,૯૬૦/- તથા બીયર ટીન નંગ-૧૬૨ કિં.રૂ.૩૫,૬૪૦/- તથા વાહન સહિત કુલ રૂ.૨૦,૬૮,૧૯૫/- ના મુદ્દામાલ સાથે બે આરોપીઓની મોરબી એલસીબી/પેરોલ સ્કવોડ ટીમ દ્વારા અટક કરી માલ મોકલનાર તથા મંગાવનારની શોધખોળ શરૂ કરી છે.

મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કવોડ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, એક ટ્રક ડમ્પર નંબર જીજે-૦૯-એયુ-૯૨૭૪ વાળુ હળવદ તરફથી મોરબી તરફ આવે છે. જે ડમ્પરમાં માટી ભરેલ છે. અને આ ડમ્પરના ડ્રાયવરે કેબીનના પાછળ બોડીના આગળના ભાગે એક ચોરખાનુ બનાવેલ છે. તેમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે. તેવી હકીકત મળતા એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કવોડના અધિકારી/માણસો સાથે મોરબી તાલુકાના ઉચી માંડલ ગામ નજીક સ્પેરોન કારખાના પાસે રોડ પર વાહનચેકીંગ/વોચમાં હતા. દરમિયાન હકીકત વાળુ ડમ્પર મળી આવતા ચેક કરતા ડમ્પર ચાલક/કલીનરના હવાલા વાળા ડમ્પરમાં ડ્રાયવર કેબીન પાછળ ડમ્પરના કેરીયરમા આગળના ભાગે ચોર ખાનુ બનાવેલ તેમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની/મોટી બોટલો નંગ ૨૬૫૨ કિં.રૂ.

૫,૦૪,૯૬૦/- તથા બીયર ટીન નંગ-૧૬૨ કિં.રૂ.૩૫,૬૪૦/-ની બિયરનો જથ્થો મળી આવતા આરોપી અજયભાઈ કાન્તીલાલ ડામોર રહે.શીસોદ ગામ તા.બીછીવાડા જી.ડુંગરપુર રાજસ્થાન તથા રાહુલ અર્જુનલાલ વિહાત રહે.ગામ બોખલા બેરી ફળીયા તા.બીછીવાડા જી. ડુંગરપુર રાજસ્થાન વાળાની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પોલીસે વિદેશી દારૂ-બિયર, ડમ્પર કિ.રૂ.૧૫ લાખ, મોબાઈલ નંગ-૧ કિ.રૂ.૧૦,૦૦૦/-, માટી ૨૯ ટન કિ.રૂ.૧૭,૫૯૫/- તથા અન્ય મુદામાલ મળી કુલ કિં.રૂ.૨૦,૬૮,૧૯૫/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે. જ્યારે પકડાયેલ આરોપીની પૂછતાછમાં માલ મોકલનાર મહેશ નામની વ્યક્તિ તથા માલ મંગાવનાર વ્યક્તિની તપાસમા ખુલ્લે તે આરોપીઓને ફરાર દર્શાવી તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકાના પીપળી ગામે ૧૭ વર્ષીય કિશોરીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી તાલુકાના પીપળી ગામની શિવપાર્ક સોસાયટીમાં રહેતી ૧૭ વર્ષીય યુવતીએ લગ્નની વાતને લઈને મનમાં લાગી આવતા, તેણીએ ઘરમાં આપઘાત કર્યો હતો. બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી છે.

મોરબી તાલુકાના પીપળી ગામની શિવપાર્ક સોસાયટીમાં રહેતા મૂળરહે. અરણીયા બેડા તા.મેઘપુર જી.ઉજૈન રાજ્ય મધ્યપ્રદેશના વતની પુજાબેન જગદીશભાઈ નઘાજી પરીહાર ઉવ.૧૭ નામની સગીરાએ પોતાના ઘરે પાંખ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ત્યારે પોલીસ તપાસમાં મૃતકની માતા પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, મૃતકની ઉમર ઓછી હોવાને કારણે લગ્ન બાબતે માતાએ થોડો સમય રાહ જોવાની વાત કરતા કિશોરીને મનમાં લાગી આવતા તેણે આ પગલું ભર્યાનું જણાવ્યું હતું. હાલ તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાં કારમાંથી બિયરના બે ટીન સાથે એક પકડાયો, સપ્લાયરનું નામ ખુલ્યું

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે લાતીપ્લોટમાં લુકસ ફર્નિચર નજીકથી સ્વીફ્ટ કારમાંથી આરોપી જાવેદભાઇ ઇસ્માઇલભાઇ માટલી ઉવ.૩૩ રહે-રણછોડનગર સાઇબાબાના મંદીર પાસે મુળ રહે-જોડીયા નાનાવાસ તા.જોડીયા જી.જામનગર વાળાને બિયરના બે ટીન કિ.રૂ.૨૪૦/- સાથે ઝડપી લેવામાં આવ્યો છે. પકડાયેલ આરોપીની પૂછતાછમાં બિયરનો જથ્થો આરોપી રફીક ઉર્ફે બાડો જામ રહે-લાતી પ્લોટ મોરબી વાળા પાસેથી વેચાણ અર્થે આપ્યો હતો. હાલ પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

"સૂર્ય પર સર્જાયું પૃથ્વી કરતા અનેકગણું વિશાળ સનસ્પોટ AR4366."

મુખ્ય સમાચાર, અમદાવાદ

ભુજ છેલ્લા બે દિવસથી સૂર્યાસ્ત સમયે આકાશમાં સૂર્યની સપાટી પર એક કાળો ડાઘ દેખાતો હોવા બાબતે અનેક લોકોએ 'સ્ટારગેજીંગ ઈન્ડિયા' નો સંપર્ક કરેલ છે. ખગોળશાસ્ત્રીઓના મતે આ કોઈ સામાન્ય ડાઘ નથી, પરંતુ સૂર્ય પર સર્જાયેલું એક પ્રચંડ ચુંબકીય તોફાન છે, જેને 'સનસ્પોટ AR4366' તરીકે ઓળખવામાં આવે છે.

શું છે આ સનસ્પોટની ખાસિયત?

વિશાળ કદ : આ સનસ્પોટ વિસ્તાર પૃથ્વીના વ્યાસ કરતા આશરે ૧૦ થી ૧૫ ગણો મોટો છે. તે એટલો મોટો છે કે પૃથ્વી જેવા અનેક ગ્રહો તેમાં સમાઈ શકે.

પૃથ્વી પર અસર : આ વિસ્તારમાંથી હાલમાં જ શક્તિશાળી 'X-ક્લાસ' સૌર જ્વાળાઓ (Solar Flares) છૂટી પડી છે. જેના કારણે આવનારા ૪૮ કલાકમાં પૃથ્વી પર જીઓમેગ્નેટિક સ્ટોર્મ (Geomagnetic Storm) આવવાની શક્યતા છે, જે અને મોબાઈલ નેટવર્ક જેવી સેટેલાઈટ સેવાઓને અસર કરી શકે છે.

સનસ્પોટનું મુખ્ય કેન્દ્ર (Primary Core) : આ સનસ્પોટનું માત્ર મુખ્ય કાળું કેન્દ્ર જ પૃથ્વી કરતાં બે ગણી પહોળાઈ ધરાવે છે, એટલે કે આશરે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ કિમી.

સમગ્ર સનસ્પોટ સમૂહ (Entire Archipelag) : આ આખો સનસ્પોટ સમૂહ (જેમાં નાના-મોટા અનેક ટપકાંઓનો સમાવેશ થાય છે) સૂર્યની સપાટી પર આશરે ૧,૨૫,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ કિમી કરતાં પણ વધુ વિસ્તારમાં ફેલાયેલો છે.

સ્ટારગેજીંગ ઈન્ડિયાના નરેન્દ્ર ગોર જણાવે છે કે, "સૂર્યાસ્ત સમયે સૂર્યની તેજસ્વીતા ઓછી લાગતી હોવા છતાં, તેને નરી આંખે અથવા સામાન્ય ચશ્માથી જોવો અત્યંત જોખમી છે. સૂર્યમાંથી નીકળતા પારજાંબલી (UV) અને ઈન્ફ્રારેડ કિરણો આંખના પડદા (Retina) ને કાયમી નુકસાન પહોંચાડી શકે છે. સૂર્યદર્શન માટે હંમેશા પ્રમાણિત સોલર ફિલ્ટર અથવા સોલર ગોગલ્સનો ઉપયોગ કરવો જોઈએ."

લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર કેટલીક ટ્રેનોના સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ્દ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ ડિવિઝનના લાખાબાવળ અને પીપળી રેલવે સ્ટેશનો પર નવા ફૂટ ઓવર બ્રિજ () ના નિર્માણ કાર્યને કારણે કેટલીક ટ્રેનોના સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ્દ કરવામાં આવ્યા છે. લાખાબાવળ સ્ટેશન પર આ વ્યવસ્થા ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અને પીપળી સ્ટેશન પર ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જેની વિગત નીચે મુજબ છે

સ્ટોપેજ રદ્દ થવાની માહિતી

લાખાબાવળ સ્ટેશન : (૧) ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર-ઓખા-ભાવનગર એક્સપ્રેસ તાત્કાલિક અસરથી ૨૫-૨ સુધી લાખાબાવળ સ્ટેશન પર સ્ટોપેજ રદ્દ., (૨) ટ્રેન નંબર ૫૯૫૫૨/૫૯૫૫૧ ઓખા-રાજકોટ-ઓખા લોકલ તાત્કાલિક અસરથી ૨૫-૨ સુધી લાખાબાવળ સ્ટેશન પર સ્ટોપેજ રદ્દ.

પીપળી સ્ટેશન : (૧) ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ તાત્કાલિક અસરથી ૨૫-૦૩-૨૦૨૬ સુધી પીપળી સ્ટેશન પર સ્ટોપેજ રદ્દ.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

મોરબીમાં મ્યુલ એકાઉન્ટ કૌભાંડમાં ડોક્ટર સહિત ત્રણ સામે સાયબર ક્રાઈમ ગુનો નોંધાયો

સાયબર ફ્રોડથી મેળવેલા રૂ.૧૪.૫૫ લાખ સગેવગે કર્યા, બેન્ક એકાઉન્ટ ભાડે લઈ રકમ ટ્રાન્સફર કરી

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સાયબર ક્રાઈમ પોલીસે મ્યુલ એકાઉન્ટ કૌભાંડમાં ડોક્ટર સહિત ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. જેમાં પૂર્વ આયોજન મુજબ બેન્ક એકાઉન્ટ ભાડે લઈ સાયબર ફ્રોડથી મેળવેલા રૂ.૧૪.૫૫ લાખ જમા કરાવી તે નાણાનો મોટો હિસ્સો ઓનલાઇન ટ્રાન્સફર કરી સગેવગે કરાયાનું સામે આવ્યું છે. હાલ સાયબર પોલીસે ડોક્ટર સહિત ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.

મોરબીમાં મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ કરી થયેલા સાયબર કૌભાંડમાં મોરબી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ડોક્ટર સહિત ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં આરોપી સુજલ સબીરભાઈ ચામડીયા ઉવ.૨૦ ડોક્ટર રહે. લાતી પ્લોટ-૧૪ ખ્વાજા પેલેસ પંચાસર રોડના નાકે મોરબી, આરોપી ચિરાગ રહે. અમદાવાદ અને આરોપી મનોજ વાલજીભાઈ મકવાણા રહે. રંગપર તા.જી.બોટાદ વાળા વિરુદ્ધ ફરિયાદ મુજબ, આરોપીઓએ પરસ્પર મદદગારી કરી, પૂર્વ આયોજન કરી સાયબર ફ્રોડનો ગુનો આચર્યો હતો. સાયબર છેતરપિંડી મારફતે કુલ રૂ.૧૪,૫૫,૩૪૯/-ની રકમ મેળવી, તે નાણાં સગેવગે કરવા માટે આરોપી સુજલ ચાડમીયાના બેન્ક એકાઉન્ટને ભાડેથી ઉપયોગમાં લેવામાં આવ્યું હતું. આ એકાઉન્ટમાં રકમ જમા કરાવી ત્યારબાદ રૂ.૭,૬૦,૦૩૪/- ઓનલાઇન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર વ્યવહારમાં આરોપી ડોક્ટરને બેંક એકાઉન્ટ ભાડે આપવા માટે રૂ.૨૦ હજાર કમિશન તરીકે મળ્યા હોવાનું તપાસમાં ખુલ્યું છે. હાલ આ કેસમાં તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી આર્થિક લાભ મેળવ્યો હોવાનું જણાતા તેમની સામે ભારતીય ન્યાય સંહિતાની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી મોરબી સાયબર ક્રાઈમ પોલીસે વધુ તપાસની તજવીજ ચલાવી છે.

પરીક્ષાઓ અનુલક્ષીને ધાર્મિક મેળાવડા, કથાઓ, ઉજવણીઓ બંધ રાખવા વિજ્ઞાન જાથાની અપીલ

ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિના ગતકડાઓથી લોકપ્રશ્નો ઉકેલવાના નથીઃ દેશભરમાં ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ મહિનો વિદ્યાર્થી જગતની કારકિર્દીનો

મુખ્ય સમાચાર, રાજકોટ

નિર્ણાયાત્મક, જીંદગીનો મહત્વનો સમયગાળો હોય છે. બોર્ડ, યુનિવર્સિટી, અન્ય શાખાઓમાં પરીક્ષાઓની પ્રાયોગિક, પ્રીલીમીનરી, વાર્ષિક લેખિત, વાંચનનો શ્રેષ્ઠ સમયગાળાને અનુલક્ષીને આ સમય દરમ્યાન વિદ્યાર્થી જગતને નુકશાનકારક ધાર્મિક તેમજ રાજકીય પક્ષોના તાયફાઓ, મેળાવડા, મોટી કથાઓ, ઉજવણીઓ બંધ રાખવા જોઈએ, ઘોંઘાટ વગરના ખાનગી હોલ, વાડી કે ગામથી દૂર ખુલ્લી જગ્યામાં યોજવી જોઈએ અથવા ત્રણ માસ માટે બંધ રાખવા જોઈએ તેમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ રાજયવ્યાપી અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક કે પ્રસંગોના મોટા મેળાવડાના ગતકડા ઉભા કરવાથી લોકોના એકપણ પ્રશ્ન ઉકેલાઈ જવાના નથી. બે, પાંચ વ્યકિતના પોતાના લાભ માટે તથા ધાર્મિક નેતા પોતાની મહત્તા વધારવા માટેના અને રાજકીય દ્રષ્ટિકોણના લાભના હેતુથી કરાયેલા આયોજનોનો જાગૃતો, બૌદ્ધિકો, વાલીજગતે સદૈવ વિરોધ કરવો જોઈએ. લોકોમાં જેમ જેમ શિક્ષણ વધુ આવતું ગયું તેમ સ્વાર્થી પણા સાથે સહનશકિતનો ઉતરોતર વધારો થયો છે તે ચિંતાનો વિષય છે. અભણ કરતાં શિક્ષિતો પોતાના અંગત લાભ માટે વિશાળ સમુદાયને ગુમરાહ કરે છે તે દુઃખદ છે. મે, જુન, જુલાઈમાં કે વર્ષ દરમ્યાન કોઈપણ વિષય કે પ્રસંગની ઉજવણી થઈ શકે છે. જાથા અનુભવે લોકો સમક્ષ પોતાના વિચારો મુકે છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે છેલ્લા એકત્રીસ વર્ષના સર્વે કરતાં મોટાભાગના આયોજનો ત્રણ-ચાર માસના ગાળામાં યોજાય છે. તેમાં ધાર્મિક નેતાના જન્મદિન, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, ઉત્સવો, સપ્તાહો, કથાઓ, ૨૫, ૫૦ કે ૭૫ વર્ષનું ગતકડું ઉભું કરી ધામધૂમથી ત્રણ થી દસ દિવસના આયોજનો કરવામાં આવે છે. મોટા આયોજનો પાછળ ૧૫ થી ૩૦ દિવસથી વધુ તૈયારી તડામાર ચાલતી હોય છે. જે સ્થળ, જગ્યાની પસંદગી કરવામાં આવી હોય તેની આસપાસ તૈયારીનો માહોલ, જાહેરાત, મીટીંગો, ભૂંગળા માથા ઉપર મૂકવામાં આવે છે. કથાઓ કે ઉજવણીના સ્થળ આસપાસના રહીશો ભારોભાર મુશ્કેલીમાં અને સમસ્યાના ત્રાસનો સામનો કરતાં હોય છે. વિદ્યાર્થી જગતની કારકિર્દી ઉપર જોખમ ઉભું થાય છે. ધાર્મિક મેળાવડા, ઉજવણી હોય લોકો મૌન, સહન કરવાનું પસંદ કરે છે. કાયદા વિરૂદ્ધ સમય મર્યાદા પછી ભૂંગળા વાગતા હોય તો પણ જાહેરમાં બોલી શકાતું નથી. મોટી કથાઓ, ઉજવણીના દિવસોએ આયોજકો મોટી સંખ્યામાં લોકો આવી શકે તે માટે મફત જમવાની વ્યવસ્થા કરતાં હોય છે. જેથી ગરીબ પ્રજાના પરિવારો આઠ-દસ દિવસનું દુઃખ ભાંગવા સામુહિક ભાગ લેતા હોય છે. ધાર્મિક આયોજક મોટી માનવ-મહેરામણ ઉમટી પડી છે મંડપ ઓછા પડયા તેવી ગુલબાંગો મારે છે. હકિકતે કથા, ઉજવણીમાં ભાગ લેવા કરતાં મફત ભોજન વ્યવસ્થાને આભારી હોય છે. ધાર્મિક નેતા આજકાલ પોતની જ્ઞાનવાણીનો લાભ લેવા આવતાં શ્રદ્ધાળુઓ માટે મફત ભોજન વ્યવસ્થાની માંગણી કરતાં હોય છે જે આયોજકો સ્વીકાર કરતાં જણાયા છે. જયાં આયોજનો થાય તેની આસપાસના રહીશો સ્વચ્છતા અભાવે બિમારીના ખાટલે પડે છે. આયોજકોનું ધ્યાન ભોજન, ફંડફાળા, પ્રચાર, આગતાસ્વાગતામાં હોય છે. ઉજવણી કે કથા સ્થળે આવતો મોટો સમુહ જાહેરમાં મૂતરડી, સંડાસ, ખાણીપીણી, વ્યસનોના કારણે પ્રદુષણ, રોગચાળાને આમંત્રણ આપવાના કારણે રહીશોમાં ઘરેઘરે મંદગીનો ખાટલા નજરે પડે છે. સારી રીતે શ્વાસોશ્વાસ લઈ શકાતો નથી. જેથી રાજયમાં પ્રદુષણયુક્ત, પરીક્ષાના અડચણરૂપ કિસ્સામાં સ્થાનિક રહીશો જો આગળ આવશે તો જાથા કાનૂની મદદ પૂરી પાડશે. પરીક્ષા દરમ્યાનના કિસ્સામાં જાથા આયોજકો તથા ધાર્મિક નેતાને આવેદનપત્ર પાઠવી ખાનગી હોલમાં યોજવા, ફેરફાર કે બંધ રાખવા સંબંધી લોકચળવળ ઉભી કરશે તેવી જાહેરાત કરવામાં આવે છે. પરીક્ષા દરમ્યાન ખાનગી હોલ, ગામથી દૂર, વાડીમાં કથાઓ, ઉજવણીઓ થાય તે આવકારદાયક છે. જાથાનું સકારાત્મક વલણ છે.

જાથાના ચેરમેન પંડયા જણાવે છે કે ઉનાળો શરૂ થાય અને ધાર્મિક નેતાઓ યુરોપના ખંડમાં ધર્મપ્રચારના નામે મોટી કમાણી અને ધાર્મિક પ્રચારના નામે વિદેશ ઉપડી જાય છે. તેથી દેશમાં મે મહિના પહેલા મોટા આયોજનો લોકોના માથા ઉપર મુકી બે જગ્યાએ કમાણી કરે છે. અમુક ધાર્મિક નેતાને ડોલર, પાઉન્ડમાં રસ હોય છે. ફંડ-ફાળા માટે વિદેશ ઉતમ છે. ભારતના લોકોને ધાર્મિક નેતાઓની વાણી, જ્ઞાન સમજવામાં હજુ ૫૦૦ વર્ષની પ્રતિક્ષા કરવી પડશે. લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ, તર્કને સ્થાન આપશો તો તુરંત વૈજ્ઞાનિક દ્રષ્ટિથી સમજી જશો તેવું જાથા માને છે. ધાર્મિક નેતાઓ તથા ઉજવણીઓ દેશની એકપણ સમસ્યા ઉકેલી શકયા નથી તે કડવી વાસ્તવિકતા છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી જણાવ્યું કે ભારતના બંધારણ મુજબ રાજયની પ્રથમ જવાબદારી શિક્ષણની છે. ધર્મ, ધાર્મિક ઉજવણીઓ કે તેની બાબતો કે તેનો પ્રચાર રાજયના દાયરામાં આવતો નથી. ધર્મ, સ્વાતંત્ર્યનો ખ્યાલ બંધારણમાં તેમજ અનુચ્છેદ ૨૫ માં વિસ્તૃત છે. દરેક વ્યકિતને અંગત પોતાની નીતિ નક્કી કરવાની છૂટ છે. ધર્મ, ધાર્મિકતા વ્યકિત સ્વાતંત્ર્યતાનો વિષય છે. સરકારની ધાર્મિક રૂચિ બંધારણનું અપમાન છે.

તપસમ્રાટ પૂ.રતિલાલજી મ.સા.ની પૂણ્યતિથિએ

તીર્થધામ જવા સતત ૨૮ વર્ષથી બસની નિઃશુલ્ક વ્યવસ્થા કરતા મયુર શાહ

એચ.જે. સ્ટીલ નો વિશેષ આર્થિક સહયોગ

મુખ્ય સમાચાર, રાજકોટ

ગોંડલ સ્થાનકવાસી જૈન સંપ્રદાયનાં તપસમ્રાટ ગુરુદેવશ્રી રતિલાલજી મહારાજનાં રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર સાત હનુમાનજી મંદિર સામે આવેલ સમાધિ સ્થળ તીર્થધામ ખાતે પૂજ્ય ગુરુદેવની દર વર્ષે ૮મી ફેબ્રુઆરીનાં રોજ પૂણ્યતિથિ નિમિતે એચ.જે.સ્ટીલ પરિવારનાં વિનોદભાઈ હરીલાલ દોશીનાં આર્થિક સહયોગથી છેલ્લા ૨૭વર્ષથી શહેરનાં વિવિધ ઉપાશ્રયેથી તેમજ અન્ય પોઈન્ટ ઉપરથી તીર્થધામ જવા-આવવા વિના મુલ્યે બસ સેવા સમર્પિત કરાય છે. આ વખતે એટલે સતત ૨૮માં વર્ષે પણ ભાવિકો માટે બસની નિઃશુલ્ક વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

છેલ્લા ૨૭ વર્ષથી દર વર્ષે તપસમ્રાટ ગુરુદેવશ્રી રતિલાલજી મહારાજની પૂણ્યતિથિએ શહેરથી તીર્થધામ જવાની વિવિધ પોઈન્ટ ઉપર બસ સેવા પૂ.ગુરુદેવનાં અનન્ય સેવક અને જૈન શાસન સુશ્રાવક મયુરભાઈ શાહ દ્વારા સમગ્ર સંચાલન અને વ્યવસ્થા કરવામાં આવે છે. મયુરભાઈ શાહનાં આ સેવાકાર્યની અગ્રણીઓ અને ભાવિકો દ્વારા અનુમોદના થઈ રહી છે. આ વ્યવસ્થામાં શેઠ ઉપાશ્રયનાં મુકેશભાઈ ઝાટકીયા ૯૮૭૯૦ ૭૩૦૮૫ અને ચંદ્રેશભાઈ કોઠારી - ૯૨૫૦ ૭૭૨૬૯ નો સહયોગ મળી રહયો છે.

જામનગરમાં SIR કામગીરીમાં ફોર્મ-૭માં મોટા પાયે વાંધાઓ અંગે કોંગ્રેસે કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેર જિલ્લા કોંગ્રેસે સ્પેશિયલ ઇલેક્ટોરલ રોલની કામગીરીમાં ફોર્મ નંબર-૭ આધારિત મોટા પાયે વાંધાઓ અંગે જિલ્લા કલેક્ટર કચેરીએ રજૂઆત કરી છે.કોંગ્રેસનો આરોપ છે કે કામગીરી દરમિયાન અજાણી વ્યક્તિઓના નામે ફોર્મ નંબર-૭માં અનેક વાંધાઓ દાખલ કરવામાં આવ્યા છે. તેમણે ભાજપના ઈશારે કેટલાક સરકારી કર્મચારીઓ ખોટા ફોર્મ ઘુસાડવામાં મદદ કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસે વધુમાં જણાવ્યું હતું કે, આ કામગીરીમાં ચોક્કસ સમુદાયના લોકોના નામો મતદાર યાદીમાંથી કમી કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે, જેનો પક્ષ દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો છે. આ રજૂઆત જામનગર, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટરો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિસ્તૃત આવેદનપત્ર સુપરત કર્યું હતું.

ખેડૂતોએ પી.એમ. કિસાન યોજનાનો ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

ખેડૂતો gifr.agristack.gov.in પર જાતે પણ રજિસ્ટ્રેશન કરાવી શકે છે

મુખ્ય સમાચાર, રાજકોટ

કેન્દ્ર અને રાજ્ય સરકારની કૃષિલક્ષી સહાયકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી, રાજકોટ જિલ્લાના ખેડૂત ખાતેદારોને એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ફાર્મર રજિસ્ટ્રેશન કરાવવા ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ખાસ કરીને પી.એમ. કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા આ રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફોર એગ્રિકલ્ચરના ભાગરૂપે એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અમલમાં મૂકાયો છે, જેના અંતર્ગત દરેક ખેડૂતને આધાર કાર્ડની જેમ ૧૧ આંકડાનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે. આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય ખેતી વિષયક કલ્યાણકારી યોજનાઓનો લાભ તમામ ખેડૂતોને પારદર્શક અને સમયસર પૂરો પાડવાનો છે.

આ રજિસ્ટ્રેશનની પ્રક્રિયા માટે ખેડૂતોએ પોતાના ગામના વીસીઈ (VCE), ઓપરેટર અથવા જનસેવા કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત ખેડૂતો ઈચ્છે તો પોતાના મોબાઈલ મારફતે પણ gifr.agristack.gov.in પર જઈને સેલ્ફ રજિસ્ટ્રેશન કરી શકશે. આ પ્રક્રિયા માટે ખેડૂતોએ પોતાની સાથે આધાર કાર્ડ, આધાર સાથે લિંક હોય તેવો મોબાઈલ નંબર અને જમીનની વિગતો સાથે રાખવી જરૂરી છે, તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

લાપસરી રોડ પરથી રૂ.૧૭.૫૦ લાખના દાગીના ભરેલ પર્સ ગુમ થયું, આજીડેમ પોલીસે તુરંત શોધી કાઢ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

લાપસરી રોડ પરથી રૂ.૧૭.૫૦ લાખના દાગીના ભરેલ પર્સ ગુમ થતાં જ પ્રૌઢ પોલીસ મથકે પહોંચ્યા હતા અને પોતાની સાથે થયેલ બનાવ અંગે વાત કરતાં જ આજીડેમ પોલીસે તુરંત તપાસ આદરી રીક્ષા ચાલક પાસેથી રૂ.૧૭.૫૦ લાખના દાગીના શોધી કાઢી મૂળ માલિકને પરત કરાવ્યાં હતાં. ગઈ તા.૦૨ ના આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એ.બી જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઈ એસ.વી.ગોહિલ ટીમ સાથે પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા તે દરમિયાન અરજદાર સુભાષભાઇ રામભાઇ જળુએ દોડી આવી જણાવેલ કે, પોતે

લાપસરી રોડ પર આવેલ પોતાના ઘરેથી પત્ની સાથે લગ્નપ્રસંગમાં જવા નીકળેલ તે દરમ્યાન સ્વીફ્ટ ડિઝાઇર કારની ડેકીમાં તેમની પત્ની સામાન રાખતી હતી તે દરમિયાન સોનાના દાગીના ભરેલ પર્સ ડેકી ઉપર રહી ગયેલા તે દરમિયાન પત્નીને ફોન આવતાં તેણી પર્સ લીધા વગર કારમાં બેસી ગયેલ હતાં. જે બાદ રસ્તામાં ક્યાંક સોનાના દાગીના ભરેલ પર્સ ગુમ થઇ ગયેલ હતું. જે બાબતની ગંભીરતા જોઈ પોલીસની ટીમે તુરંત જ ગુમ થયેલ પર્સની તપાસ શરૂ કરેલ તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ દેવાંગભાઇ પાલા અને કોન્સ્ટેબલ મહેશભાઇ કોઠીવાળએ ટેક્નિકલ સોર્સીસનો ઉપયોગ કરી પર્સ એક રીક્ષા ચાલકને મળ્યાનું સામે આવતાં રીક્ષા ચાલક પર્સ પાસેથી મેળવી મુળ માલિકને પરત સોપવામાં આવેલ છે. જે પર્સમાં સોનાનો હાર તથા કાનમાં પહેરવાની બુટી મળી કુલ રૂ.૧૭.૫૦ લાખનું ૧૨ તોલા સોનુ હતું. જે પોલીસની સરાહનીય કામગીરીથી દાગીનાના મૂળ માલીકે પોલીસનો આભાર માન્યો હતો.

ઘરેથી નીકળી ગયેલ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી મોરબી અભયમની ટીમ

મહિલાઓ મદદ માટે સતત રાત દિવસ કાર્યરત રહેતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન સેવા ખરેખર બહેનો માટે આશીર્વાદરૂપ રહી છે

મુખ્ય સમાચાર, રાજકોટ

તા.૪/૨ના રોજ જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ માં કોલ કરવામાં આવેલ કે મોરબી માધાપર પાસે રસ્તામાં એક મહિલા મળી આવેલા હોય મહિલા સરખું સરનામું પણ આપતા નથી અને કાંઈ પણ બોલતા નથી મહિલા ગભરાયેલી હાલતમાં છે અને ચિંતામાં છે માટે મહિલા ની મદદ માટે ૧૮૧ અભયમ ટીમની મદદ ની જરૂર છે

જેના પગલે ફરજ પરના ૧૮૧ ટીમના કાઉન્સેલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ રમીલાબેન તેમજ પાયલોટ મહેશભાઈ પરમાર ઘટના સ્થળે મહિલા ની મદદ માટે પહોંચ્યા હતા મહિલાને ત્યાંના લોકોએ સુરક્ષિત રીતે બેસાડેલા હતાં સૌપ્રથમ મહિલા ને સાંત્વના આપવામાં આવી તેમજ ૧૮૧ ટીમ દ્વારા મહિલા સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો

ત્યારબાદ મહિલાનું ખુબ જ સંવેદનશીલતા પૂર્વક કાઉન્સિલીગ કર્યું કાઉન્સિલીગ દરમિયાન મહિલા એ પોતાની મનોવ્યથા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે હાલ હું ધંધુકાથી મારા બહેનના ઘરે થી આવી છું મારા બે લગ્ન થયાં છે પેલાં લગ્ન થયાં હતાં ત્યાંથી મારા છુટાછેડા થઇ ગયા છે અને બીજા મારા લવ મેરેજ થયાં હતાં ત્યાં મારા પતિ છેલ્લા એક મહિનાથી મૃત્યુ પામ્યા છે મારા માતા પિતા કે ભાઈ કોઈ નથી મારે ત્રણ બહેનો છે જ્યારથી મારા પતિ મૃત્યુ પામ્યા ત્યારથી હું મારી બધી બહેનોનાં ઘરે થોડા થોડા દિવસો રહું છું હાલ મારી બહેન ના ઘરે ધંધુકા રહેતી હતી ધંધુકા થી મારા બહેનના ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર હું બસમાં બેસી ને મોરબી આવી ગયી છું મારી બીજી બહેન વાંકાનેર રહેતી હોય માટે મારે એમના ઘરે જાઉં હોય પરંતુ અંધારું થઈ ગયું હોય તેથી મને રસ્તો મળતો ન હોય માટે રસ્તામાં એકલી બેઠી છું.

ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા મહિલાને આશ્વાશન આપવામાં આવેલ અને મહિલાને સમજાવેલ કે આવી રીતના રાત્રીના સમયે ક્યારેય પણ ઘરેથી ન નીકળી જવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવેલ ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા તેમનાં બહેનનું સરનામું પુછેલ અને તેમનો કોન્ટેક્ટ નંબર મેળવેલ તેમજ ચોક્કસ માહિતી મેળવવા માટે આધાર પુરાવા માંગેલ પુરાવા યોગ્ય લાગતા મહિલા ના બહેન અને બનેવી સાથે વાતચીત કરેલ અને તેમના ઘરે ગયેલ તેમના બહેન અને બનેવી એ જણાવ્યું કે મહિલાના પતિ જ્યારથી મૃત્યુ પામ્યા ત્યારથી મહિલા ઘરેથી નીકળી જાય છે અને છેલ્લા એક મહિનાથી બધી બહેનોનાં ઘરે થોડા થોડા દિવસો રહે છે મહિલા સવારના ઘરેથી નીકળી ગયેલ હોય મહિલા ને ગોતવા માટે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ મહિલા મળેલ ન હોય.

ત્યારબાદ ટીમ દ્વારા સલાહ સુચન અને માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપવામાં આવેલ મહિલા ના બહેન બનેવી ને મહિલા નું ધ્યાન રાખવા જણાવેલ.

આમ મહિલા રાજી ખુશીથી તેમના બહેન બનેવી સાથે રહેવા જણાવેલ માટે મહિલા ને સહી સલામત તેમના બહેન બનેવી નાં ઘરે સોંપવામાં આવેલા હોય જેને લઈ તેમના બહેન બનેવી એ ટીમનો આભાર વ્યક્ત કર્યો છે

૫૦ લાખનો વિમો પકવવા કોર્ટમાં નકલી બીલો રજુ કરનાર સામે ગુનો નોંધાયો

અસ્માતના કેસમાં સારવાર માટેના રૂ.૧૦૦ને બદલે રૂ.૧૦૦૦ કર્યાઃ યુનિવર્સિટી પોલીસ દ્વારા જશદણના ઈશ્વરીયા ગામના શખ્સ સામે તપાસ

મુખ્ય સમાચાર, રાજકોટ

અકસ્માતના કેસમાં એક કરોડનો વિમો પકવવાના બનાવમાં વિમા કંપનીએ તપાસ કરતા રૂ.૧૦૦ના બીલોમાં રૂ.૧૦૦૦ કરી ચેડા કરવામાં આવ્યા હોવાનુ બહાર આવતા કોર્ટના રજીસ્ટ્રાર એ ફરીયાદ કરતા યુનિવર્સિટી પોલીસે જશદણના ઈશ્વરીયા ગામના શખસ સામે ગુનો નોધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ માધાપર પાસે શેઠ નગરમાં રહેતા અને ડ્રિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટના એમ એસીટી વિભાગમાં ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા સિધ્ધરાજસિંહ જાડેજાએ જશદણના ઈશ્વરીયા ગામે રહેતા જીતેન્દ્ર ડાયાભાઈ મારકણા સામે ફરિયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે સને.૧૦૧૬માં અકસ્માતના કેસમાં જશદણના ઈશ્વરીયા ગામના જીતેન્દ્ર ડાયાભાઈ મારકણાએ વિમા કંપની સામે રૂ.૫૦ લાખનો કલેપ કર્યો હતો. જેમા કોર્ટ દ્વારા કેસ ચાલવા ઉપર આવ્યો હતો જેમા વીમા કંપની દ્વારા તપાસ કરવામાં આવી હતી તેમા સર્વોદય ટ્રસ્ટમાં ફીજીયોથેરાપી કરવામાં આવી હતી જે અંગેના બીલો માં રૂ.૧૦૦ ના બદલે ફરીયાદીએ રૂ.૧૦૦૦ વાળા બીલો કોર્ટમાં રજુ કર્યા હતા જે અંગે વીમા કંપનીએ ટ્રસ્ટી રાજુભાઈની પુછ્તાછ કરતા તે બીલો રૂ.૧૦૦ના રસીદ આપ્યાનુ બહાર આવતા વીમા કંપનીના વકીલો દ્વારા દલીલો કરવામાં આવી હોય જે અંગે કોર્ટએ તપાસના આદેશ આપ્યા હતા. દરમ્યાન ઈશ્વરિયા ગામના જીતેન્દ્ર મારકણાએ હોસ્પીટલની મુળ રસીદ રૂ.૧૦૦ ના બદલે રૂ.૧૦૦૦ બનાવી ચેડા કર્યા હોવાનુ બહાર આવતા જે અંગે કોર્ટના આદેશથી ફરીયાદ કરી હતી. બનાવને પગલે પીએસઆઈ બેલીમ સહીતના સ્ટાફે આરોપી જીતેન્દ્ર સામે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

રાજકોટમાં હુમલાના ગુન્હામાં નામચીન તસ્કરના જામીન રદ

મોબાઈલ લુટના ઈરાદે ઝુંપડામાં ઘુસેલા શખ્સે શ્રમિકને છરી ઝીંકી

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના ગોંડલ રોડ પર આવેલા કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે આવેલા ઝૂંપડામા મોબાઈલ ફોનની ચોરી કરવા ધુસેલા શખ્સન સળવળાટથી ભર નિંદ્રામાં રહેલા મેઘનાથ રામલાલ રોય જાગી જતા અજાણ્યા શખસે પ્રતિકાર કરતા મેઘનાથ રામલાલ રોય છરી વડે હુમલો કરી નાસવા જતા ગોંડલ રોડ પર નિર્વાણ ધીમ બ્રીજના પીલોર બનાવવા માટે ખોદેલ ખાડામાં અજાણ્યો શખ્સ ખાબક્યો હતો. બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલો હતો. આ બનાવની સાઈટ સુપરવાઈઝર વિશાલભાઈ બાબુભાઈ પટેલે આજીડેમ પોલીસ સ્ટેશનમાં નટવરભાઈ ઉર્ફે નટુ દિનેશભાઈ કુંવરિયા (રહે ઘટેશ્વર પચીસ વારીયા ક્વાટર જામનગર રોડ) સામે ફરિયાદ નોંધાવી હતી. બાદ હોસ્પિટલમાંથી રજા આપતા તેની તારીખ ૧૭-૧-૨૦૨૬ ના રોજ અટક કરી જેલ હવાલે કર્યો હતો. હાલ જેલમાં રહેલા આરોપીએ જામીન ઉપર છુટવા સેશન્સ કોર્ટમાં અરજી બાદ સરકાર તરફે સરકારી વકીલ કરી હતી. બાદ બંને પક્ષોની રજૂઆત હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી વિરુદ્ધ અગાઉ ચોરીના પાંચ ગુના નોંધાયેલા છે જે આરોપીને જામીન આપવામાં આવશે તો ફરી આવા ચોરી તથા લૂંટના ગુનાઓ કરશે અને તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટએ આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા

રાજકોટમાં અલગ અલગ જગ્યાએથી બાઈક ચોરી કરતી બેલડી ઝડપાઈ

આજે ડેમ પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપી સહિત બે શખ્સોને દબોચી લઈ ૧૪ થી વધુ બાઈકો કબજે કર્યા

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાંથી ત્રણ માસ દરમિયાન ૧૪ બાઈક ચોરનાર બેલડીને આજીડેમ પોલીસે પકડી પાડી છે. મોડી રાત્રીના બેલડી નીકળી હતી અને જે બાઇકને હેડલાઇટના સોકેટ તોડી ડાયરેકટ કરીને બાઇક હંકારી જતા હતાં.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિરાજ ચોક નજીક વિભૂતિ પાર્ક રોડ પરથી જીજે-૦૩-એલએસ-૧૩૧૬ નંબરના બાઇક સાથે પોલીસમેન હરપાલસિંહ જાડેજા અને ગોપાલ બોડીયાની બાતમી આધારે સગીર વયના ઇસમને પકડી લેવાયો હતો. આરોપીની પુછતાંછમાં બાઈક ચોરીનું રેકેડ ખૂલ્યું હતું. પી.આઈ. એ.બી.જાડેજા તથા સ્ટાફે બાઇક ચોરીમાં સુત્રધાર જૂનાગઢના બીલખામાં રાવતપરા શેરી નં.૪માં રામદેવપીર મંદિર પાસે રહેતા સરફરાઝ વિજયભાઈ થીમ (ઉ.વ.૨૧) નામના શખસને ઉઠાવી લીધો હતો. સરફરાઝની હાથ ધરાયેલી પુછતાંછમાં એક-બે નહીં ૧૪ બાઇક ચોરીનો પુછતાછ ભેદ ખુલ્યો ખુલ્યો છે. ત્રણેક માસ દરમિયાન બાળ કિશોર આરોપીએ રાજકોટમાં અલગ-અલગ વિસ્તારમાંથી ૧૪ બાઇક, ટુ વ્હીલર ચોર્યા હતાન. બાઈક ચોરીને બેલખાના સાગરીત સરફરાઝ થીમને આપી દેતો હતો. મોડી રાત્રે નીકળીને જે બાઇકમાં હેન્ડલ લોક ન હોય તે ઉઠાવતો હતો. ડાયરેક્ટ કરીને બાઇક સરફરાઝને આપી દેતો હતો.

અમરેલી જેલમાં આરોપીને સુવિધા આપવા પાંચ હજારની લાંચ લેનાર સુબેદાર પકડાયો

રાજકોટ ACBનું અમરેલી જેલમાં સફળ ઓપરેશનઃ ઝડપાયેલા આરોપી પાસે ૧૦ હજારની માંગણી કરી અગાઉ પાંચ હજાર લીધા હતા

મુખ્ય સમાચાર, રાજકોટ

અમરેલી જેલમાં રહેલા આરોપીને સુવિધા પૂરી પાડવા સુબેદારે રૂ.૧૦ હજારની માંગણી કરી અગાઉ રૂ.૫ હજાર લીધા હતા.અને બાકીના પૈસા લેવા જતા એસીબીએ ઝડપી પાડયો હતો.

આ અંગેની માહિતી મુજબ ફરિયાદીનો મિત્ર માહિર હાલ અમરેલી જીલ્લા જેલમાં હોય તેને ફેસેલિટી આપવા અમરેલી જીલ્લા જેલના સુબેદાર વર્ગ-૩ હીરાભાઈ મકનાભાઈ સોલંકી ઉ.૪૦એ રૂ.૧૦ હજારની લાંચની માંગણી કરી અગાઉ રૂ.૫ હજાર લીધા હોય તેના ઓડીયો-વિડીયો પુરાવવા હોય અને બાકીના રૂ.૫ હજાર લેવા આવનાર હોય પરંતુ ફરિયાદી લાંચની રકમ આપવા માંગતો ન હોય જેથી તેને એસીબીનો સંપર્ક સાધતા રાજકોટ શહેર એસીબી પોલીસ મથકના પીઆઈ આર.આર. સોલંકી સહિતના સ્ટાફે લાંચનું છટકું ગોઠવ્યું હોય જેથી આરોપી હીરા સોલંકી લાંચની રકમ રૂ.૫ હજાર સ્વીકારતા જ એસીબીએ રંગે હાથે ઝડપી લીધા હતા. જીલ્લા જેલમાં એસીબીની ટ્રેપ થતા લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

માતા અને છ બહેનોને મિલ્કતના હકકમાંથી વંચિત રાખી પુત્રએ છેતરપીંડી કરી

પતિ દ્વારા કરવામાં આવેલ જમીનના સોદાનો દસ્તાવેજ પોતાના નામે કરી નાખ્યોઃ તાલુકા પોલીસે વૃધ્ધાની ફરિયાદ પરથી પુત્ર સામે ગુનો નોંધ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના ૪૦ ફૂટ રોડ પર પુત્રી સાથે રહેતા વૃધ્ધા અને તેની છ પુત્રીઓની જાણ બહાર પુત્રએ વારસાઈમાંથી હક્ક જતો કરવાનું સોગંદનામું કરાવી બાદમાં માતા અને બહેનોની સહીઓ કરાવી લઈ પિતા દ્વારા કરવામાં આવેલ જમીનના સોદાનો દસ્તાવેજ માતાના નામે કરવાના બદલે પુત્રએ પોતાના નામે કરી દઈ માતા અને બહેનોને મિલ્કતના હકકમાંથી વંચિત રાખી છેતરપીંડી આચરેલી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ૪૦ ફૂટ રોડ પર ઓમનગર સર્કલ પાસે રહેતા ગૌરીબેન ગોવિંદભાઈ પરમારે તાલુકા પોલીસમાં પુત્ર દિનેશ ગોવિંદભાઈ પરમાર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૭માં પતિએ જશવંતપુર ગામની જમીન રૂ.૫૮.૫૦ લાખમાં વેચાણ કરી બાદમાં ખાંભા ગામે ખરીદ કરેલ હોય જેમાં પુત્ર અને છ પુત્રીઓના હકકની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૭માં ફેફસાની બિમારી થતા પુત્ર દિનેશ પતિનો તમામ વહિવટ સંભાળતો હતો. બાદ ગત તા.૧૬/૧૨/૨૦૧૮ના રોજ પતિનું અવસાન થયું હતું. પતિના અવસાન થયાને માત્ર ૨૫ દિવસ બાદ જ પુત્રએ ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર વારસાઈ મુજબના તમામ લોકોની સહીઓ કરાવી બેન્કમાં જમા કરાવવાનું જણાવ્યું હતું. સરકાર દ્વારા ખેડૂતોને દર ત્રણ માસે મળતી રૂપિયા બે હજારની રોકડ સહાય બેન્ક ખાતામાં જમા ન થતી હોવાથી લોધીકા મામલતદાર કચેરીએ જઈ તપાસ કરતા જણવા મળ્યું કે, ખાંભા ગામની જમીનનો સંપૂર્ણ હક્ક મેં તથા છ દિકરીઓએ જતો કર્યો હોવાથી રકમ જમા થયેલ નથી તેવું જાણવા મળેલ હતું. જે બાદ પુત્ર દિનેશને પુછતા જાણવા મળ્યું કે, જમીનનો દસ્તાવેજ મારા નામે કરવાના બદલે પોતાના નામે કરાવી લઇ મારા તથા મારી વારસદાર છ પુત્રીઓ સાથે પુત્ર દિનેશે વરસાઈ હક્ક જતું કરવાનું સોંગદનામામાં સહીઓ કરાવી આ મિલ્કતના હક્કમાંથી વંચીત રાખી દઈ ગુનાહિત વિશ્વાઘાત કરેલ હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગોંડલમાં કપડાની દુકાનમાં ચોરી કરી ભાગતા કર્મચારીઓને પોલીસનો ભેટો થયો

પોલીસે ૨.૯૩ લાખના કાપડ સહિત રૂ. ૩.૯૩ લાખના મુદ્દામાલ સાથે બેને ઝડપી લીધા

મુખ્ય સમાચાર, ગોંડલ

ગોંડલમાં નાની બજારમાં આર્યા શેરીમાં આવેલી વી.કે.એસ. ફેબ્રીકસ નામની દુકાનમાં રાત્રીના રાત્રીના ત્યાં જ કામ કરતા બે કર્મચારીઓએ ડુપ્લીકેટ ચાવીથી દુકાનના તાળા તોડી ૨.૯૩ લાખના કપડાની ચોરી કરી કારમાં ભરી જતા હતા તે દરમિયાન પોલીસ ત્રાટકી હતી. પોલીસે બંને શખ્સોને પકડી રૂ.૩.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ બનાવ અંગે ગોંડલમાં કપુરીયા ચોક ગદીશ મંડપ સર્વિસની બાજુમા રહેતા અશ્વિનભાઈ નારણદાસ જોગી ઉ.વ.૬૦ એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પંકજ કિશોર વિસાણી ઉ.વ. ૩૧ રહે. નાગડકા રોડ, તિરૂમાલા સોસાયટી અને શબીર નુરમામદ અંસારી ઉ.વ. ૨૫ રહે.ભગવતપરા ના નામ આપી જણાવ્યું હતું કે, તેમને ગોંડલ નાની બજારમા નવનીતલાલ એન્ડ બ્રધર્સ નામે દુકાન આવેલી છે.

ત્યાં રીર્ટેઈલ સાડી તથા શુટીંગ શીંગ તથા હેન્ડલુમનો વેપાર કરે છે તથા બીજી એક દુકાન આર્ય શેરીમા વી.કે.એસ. ફેબ્રીકસ નામની દુકાન આવેલ છે. તે દુકાને હોલસેલ ખાદીનો વેપાર ધંધો કરે છે. વી.કે. એસ. ફેબ્રીકસ નામની દુકાનના માલિક ફરિયાદીના ભાઈ તુલશીભાઈ નારણદાસ જોગી છે. બંને ભાઇ ધંધામાં ભાગીદાર છે. વી.કે. એસ. ફેબ્રીકસ નામની દુકાનમાં અશ્વિનભાઈ તેરૈયા, દિનેશભાઈ, કેતનભાઈ અઢીયા, પંકજ વિસાણી, શબીર અંસારીને કામે રાખ્યા છે.

રાતના આશરે સાડા આઠેક પોણા નવ વાગ્યાની આસપાસ ફરિયાદી નવનીતલાલ એન્ડ બ્રધર્સ નામની દુકાને હાજર હતા ત્યારે વી.કે.એસ. ફેબ્રીકસ નામની દુકાનમાં કામ કરતો પંકજ વિસાણી દુકાન બંધ કરી ચાવી દેવા આવ્યો હતો. બાદમાં ફરિયાદી નવનીતલાલ એન્ડ બ્રધર્સ નામની દુકાન આશરે નવેક વાગ્યે બંધ કરી મારા ઘરે જતો રહ્યા હતાં. રાત્રીના સાડા બાર વાગ્યા આસપાસ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તમે અશ્વિનભાઈ નારણદાસ જોગી બોલો છો. જેથી ફરિયાદીએ હા પાડતા સામેની વ્યકિતએ જણાવેલ કે, હું ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના હેડ. કોન્સ. યુવરાજસિંહ ગોહિલ બોલુ છુ. તમારી નાની બજારમા વી.કે.એસ. ફેબ્રીકસ નામની દુકાન આવેલ છે આમ પુછતા કરિયાદીએ હા યુવરાજસિંહે કહેલ કે તમારી દુકાનમાંથી કાપડના તાકાઓ તથા અન્ય માલ કોઇને કાઢવાનુ કેહેલ છે.

જેથી ફરિયાદીએ ના પાડતા તેમણે જણાવેલ કે, તમારી દુકાનમાંથી બે માણસો કાપડના તાકાઓ તથા અન્ય કાપડની જોડીઓ અલ્ટો ફોરવ્હીલ ગાડીમાં ભરી લઇ જાય છે. તમે તમારી દુકાને આવો.

બાદમાં વેપારી અહીં દુકાને જઈ જોતા ત્યાં પોલીસ સ્ટાફ તથા તેમની આ વી.કે.એસ. ફેબ્રીકસ નામની દુકાનમા કામ કરતા પંકજ કિશોરભાઈ વિસાણી તથા શબીર નુરમામદભાઈ અંસારી હાજર હતો અને તેઓ લઈને આવેલ અલ્ટો ફોરવ્હીલ ગાડી નં.જીજે-૨૫ એ ૧૫૩૪ મા કાપડના તાકાઓ તથા પેન્ટ શર્ટના કાપડ ભરેલ હતા.

બાદમાં આ બન્નેની પુછતાછ કરતા પોતાને પૈસાની જરૂરત હોય જેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. આમ દુકાનમાં કામ કરનાર આ બંને કર્મચારીએ દુકાનમાંથી કપડાના કુલ તાકા નંગ ૨૫ તથા કાપડની જોડીઓ નંગ- ૭૭ જેની કુલ કિ.રૂ. ૨,૩૨,૭૩૦ છે જે પંકજ કિશોરભાઈ વિસાણી તથા શબીર નુરમામદભાઈ અંસારીએ થોરી કરી હતી. કાપડ જે ગાડીમા રાખેલ હતુ તે અલ્ટો ફોરવ્હીલ ગાડી તથા દુકાનમાં ચોરી કરવા માટે દુકાનના તાળા ખોલવા સારૂ ડુપ્લકિટ ચાવીઓ બનાવડાવેલ હોય તે થાવી સહિત કુલ રૂ. ૬,૬૮,૮૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

ઑસ્ટ્રેલિયાના યુવક પાસેથી રૂા.૨૪ લાખ પડાવી લેનાર ચમત્કારિક બાબા ઝડપાયો

ઘરકંકાસ સહિતની સમસ્યાથી ત્રસ્ત યુવકનો ફાયદો ઉઠાવી પૈસા પડાવ્યે રાખ્યા’તાઃ જે ખાતામાં પૈસા જમા થયા તે પણ ફ્રિઝ કરાવતી પોલીસ

મુખ્ય સમાચાર, રાજકોટ

મુળ અમદાવાદ અને હાલ ઑસ્ટ્રેલિયા રહેતાં યુવક પાસેથી રાજકોટની ગુંદાવાડી શેરી નં.૨૨માં રહેતા ચમત્કારિક બાબાએ ૨૪ લાખ પડાવી લીધાની ફરિયાદ નોંધાયા બાદ ભક્તિનગર પોલીસે આરોપીને પકડી પાડી કપટ કરી યુવક પાસેથી પડાવી લીધેલા નાણાં જે બેન્ક એકાઉન્ટમાં જમા થયા હતા તેને પણ ફ્રિઝ કરાવ્યું હતું.

આ અંગે ની માહિતી મુજબ અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં જજીત બંગલા નજીક પ્રવાહ એપાર્ટમેન્ટમાં રહેતાં જયંતીલાલ ભુરાજી પરમાર નામના આધેડે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના પુત્ર અંકિત (ઉ.વ.૨૮) કે જે ઑસ્ટ્રેલિયા રહે છે તેણે મિત્ર પાર્થ ચોવટિયા મારફતે ગુંદાવાડી શેરી નં.૨૨માં રહેતા સતિષ ધામી નામના ચમત્કારિક બાબાનો સંપર્ક કર્યો હતો. અંકિત પોતાના પરમેનેન્ટ રેસિડેન્સી (પીઆર)ની સમસ્યા, માતાને

પગમાં તકલીફ, ઘરમાં કંકાસ સહિતની સમસ્યાથી પીડાતો હોય તેની આ તકલીફ દૂર કરવાના બદલામાં સતિષ ધામીએ કટકે કટકે ૨૪.૨૩ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ ફરિયાદ નોંધાતાં જ ભક્તિનગર પોલીસે સતિષ રામજીભાઈ ધામી (ઉ.વ.૫૨)ને પકડી પાડી તેના પાસેથી ક્રેટા કાર, આઈફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો સાથે સાથે સતિષે છેતરપિંડીથી મેળવેલા પૈસા જે એકાઉન્ટમાં જમા કર્યા હતા તેને પણ સીઝ કરાવ્યું હતું. પોલીસે એવી અપીલ પણ કરી હતી કે સતિષ ધામીનો ભોગ બનેલા લોકો ભક્તિનગર પોલીસનો સંપર્ક કરે. તેમ અનુરોધ કરવામાં આવ્યો છે

રાજકોટમાં તસ્કર બેલડી ઝડપાતા ચીલઝડપ અને જામનગરના એકટીવા ચોરીના ભેદ ખુલ્યા

પથિકાશ્રમ નજીક ક્રાઈમ બ્રાન્ચે રાજકોટ ભગવતી સોસાયટીના વાહીદ શેખ અને એક બાળ કિશોરીને ઝડપી લીધા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ પોલીસ કમિશનર દ્વારા અનડિટેક્ટ ગુનાઓના ભેદ ઉકેલવા અને આરોપીઓને ઝડપી લેવા કરેલા આદેશના પગલે ડીસીપીના યુવા આઈપીએસની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે જામનગર રોડ પથિકાશ્રમ નજીક ભગવતી સોસાયટીના શખ્સ તેમજ એક બાળ કિશોરીને ઝડપી લેતા રાજકોટની જંકશન પ્લોટ વિસ્તારમાં થયેલ ચીલ ઝડપ તેમજ જામનગર ની એકટીવા ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા સાપડી હતી.

આ અંગેની મળતી વિગતો મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવની રાહબરીમાં પીએસઆઇ વીડી ડોડીયા અને ટીમ પેટ્રોલિંગમાં નીકળી હતી ત્યારે રાહુલ ગોહેલ જયરાજભાઈ કોટીલા રાજેશ જડુ દિપક ચૌહાણ ને મળેલ બાતમીના આધારે જામનગર રોડ પથિકાશ્રમ નજીક બેલડીને ઝડપી લીધી હતી.

ઝડપાયેલ આરોપી વાહિદ સલીમભાઈ શેખ ઉંમર વર્ષ ૨૧ રહે ભગવતી સોસાયટી શેરી નંબર ૨ દૂધસાગર રોડ વાળો હોવાનું અને તેની સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળક કિશોરી ની પૂછપરછ હાથ ધરતા રાજકોટ ગાયકવાડી વિસ્તારમાં થયેલ સોનાના ચેન ની ચીલ ઝડપ તેમજ જામનગર અંબર ચોકડી નજીક એકટીવા ની ચોરી કર્યાની કબુલાત આપતા આરોપી પાસેથી સોનાનો ચેન, સોનાનું પેન્ડલ એકટીવા, લીનોવો કંપનીનું ટેબલેટ મળી કુલ ૧.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કરી આરોપી વાહીદ શેખની ધરપકડ કરી હતી.

કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં આરોપી એએસઆઈની જામીન અરજી નામંજૂર

૨૦૨૪માં માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ખોડીયારપરાના અમીર અને રાજુ નામના બે વ્યક્તિઓના મૃત્યુ થયા હતા

મુખ્ય સમાચાર, રાજકોટ

ડબલ કસ્ટોડિયલ ડેથમાં આરોપી અશ્વિન કાનગડની જામીન અરજી હાઈકોર્ટે કાઢી નાખી છે. જેથી તેનો જેલવાસ લંબાયો છે. ૧૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ માલવીયાનગર પોલીસ મથકની અંદર હમીરભાઈ રાઠોડ અને રાજુભાઈ સોલંકીને બેરહેમી પૂર્વક માર મારવા-ામાં આવતા સારવારમાં બંનેનું મોત નીપજ્યું હતું.

બનાવ બાદ એએસઆઈ અશ્વિન કાનગડ નાસતો ફરતો રહ્યા બાદ તેની ધરપકડ થઈ હતી. ૨૧ મહિનાથી તે જેલમાં છે. અગાઉ પણ હાઈકોર્ટમાંથી તેણે જામીન અરજી પરત ખેંચવી પડી હતી.

આ કેસની વિગત મુજબ,

રાજકોટના ખોડિયારનગરમાં રહેતા રાજુભાઈ ભગવાનજીભાઈ સોલંકી (ઉ.વ.૪૦)ને તા.૧૪/૪/૨૦૨૪ની રાતે તેમની પાડોશમાં રહેતા વ્યક્તિ સાથે માથાકૂટ થતાં પાડોશીએ માલવીયાનગર પોલીસને બોલાવી હતી. પોલીસને બોલાવતાં રાજુભાઈનો પુત્ર જય સોલંકી આંબેડકરનગરમાં દોડી ગયો હતો અને રાજુભાઈના મિત્ર હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈ દેવજીભાઈ રાઠોડને બોલાવી આવ્યો હતો. હમીરભાઈ સમાધાનનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે માલવીયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઈ અશ્વિન કાનગડ રાજુભાઈ સોલંકી અને હમીરભાઈ રાઠોડ સહીત ત્રણ લોકોને ઉઠાવી ગયેલ. રાજુ ભાઈ અને હમીરભાઈને પોલીસ સ્ટેશનમાં ઢોરમાર મારવામાં આવ્યો હતો. મોડીરાત સુધી ત્રાસ આપ્યા બાદ જવા દેવામાં આવ્યા હતા. સવારે ઘવાયેલા રાજુભાઈ અને હમીરભાઈને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી હમીરભાઈ સોલંકીનું તા.૧૬ના રાત્રીનાં મોત નીપજ્યું હતું. હમીરભાઈનું પોલીસના મારથી મોત નીપજતા એએસઆઇ અશ્વિન કાનગડ સહિતનાઓ સામે હત્યાનો ગુનો નોંધવામાં આવેલ. જોકે ગુનો નોંધાતા જ અશ્વિન કાનગડ નાસી ગયો હતો. જે પછી પોલીસે તેની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ પર લીધો હતો. આ દરમ્યાન રાજુભાઈ સોલંકીનું પણ સારવારમાં મોત થયું હતું.

આશરે ૨૧ માસથી જેલમાં રહેલા અશ્વિને સેશન્સ કોર્ટે જામીન અરજી રદ કર્યા પછી હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. તે સમયે અશ્વિન કાનગડ તરફે દલીલ થઈ હતી કે, બંને મૃતક દારૂ પીવાની ટેવ ધરાવતા હતા. જેના કારણે તેઓનું મૃત્યુ થયું છે. જેની સામે ફરિયાદ પક્ષના એડવોકેટ સુબોધ કુમુદે વિરોધ કર્યો હતો અને પોલીસ કસ્ટડીમાં આરોપીએ બંને મૃતકોને ઢોર માર્યો હતો. માર મારવાથી થયેલી ઈજાના કારણે જ બંને નિર્દોષ વ્યક્તિનું મોત થયું હતું. ફોરેન્સિક પીએમ રિપોર્ટમાં પણ ઈજાના કારણે મોત થયું હોવાનું તારણ છે ત્યારે આરોપીને જામીન ન આપવા જોઈએ તેવી દલીલ થઈ હતી. ન્યાયધીશે પણ ગુનાની ગંભીરતાને ધ્યાને લીધી હતી. જેથી હાઈકોર્ટ જામીન અરજી પર કોઈ નિર્ણય કરે તે પહેલા જ આરોપી અશ્વિન કાનગડની હાઈકોર્ટમાં કરેલી જામીન અરજી વિચ-ડ્રો કરી લેવાઈ હતી. જે પછી તાજેતરમાં ફરી એક વાર અશ્વિન કાનગડ તરફે જામીન અરજી કરાતા હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. આરોપી તરફે દલીલો થઈ હતી કે, ડોક્ટરની જુબાની થઈ ગઈ છે. અને ટ્રાયલ ચલાવવામાં વાર લાગે એમ છે. ત્યારે ફરિયાદ પક્ષ તરફે જામીન અરજી સામે વાંધો લેવાયો હતો. જેમાં રજુઆત કરાઈ હતી કે, આ જ આરોપી દ્વારા અગાઉ કરવામાં આવેલી જામીન અરજીમાં તેમણે ડૉક્ટર સાક્ષીઓ અને મુખ્ય સાક્ષીઓની જુબાની થયા બાદ જામીન માટે અરજી કરવાની શરતે અગાઉની જામીન અરજી પાછી ખેંચેલી હતી. હજુ તમામ સાક્ષીઓની જુબાની લેવાઈ નથી. તેવા કિસ્સામાં આરોપીએ અગાઉની જામીન અરજી વિશ્વ-ડ્રો કરતા સમયે આપેલી શસ્તને ધ્યાને લેવી જોઈએ. બંને પક્ષને સાંભળી હાઈકોર્ટે જામીન અરજીનો નિકાલ કર્યો હતો અને ટ્રાયલ કોર્ટને ટ્રાયલ ઝડપી બનાવવા અને ૩૧.૦૧.૨૦૨૭સુધીમાં ટ્રાયલ પૂર્ણ થાય તેની ખાતરી કરવાનો નિર્દેશ આપવામાં આવેલ છે. જો ટ્રાયલ ઉપરોક્ત તારીખ સુધીમાં પૂર્ણ ન થાય તો અરજદારને ગ્રાન્ટેડ ટ્રાયલ કોર્ટમાં અરજી કરવાની સ્વતંત્રતા અનામત રાખવામાં આવે છે. જેથી હવે અશ્વિન કાનગડનો જેલ વાસ ફરી લંબાયો છે. આ કેસમાં ફરિયાદ પક્ષે મૃતકોના પરિવાર વતી હાઇકોર્ટમાં એડવોકેટ સુબોધ કુમુદ અને એડવોકેટ રાહુલ શર્મા રોકાયેલ હતા.

અમરેલી જીલ્લામાં ૧૨થી વધુ વાહનોની ઉઠાંતરી કરનાર બાળ આરોપીને રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે દબોચી લીધો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરમાં મિલ્કત વિરોધી ગુન્હા અટકાવવા અને ચોરીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને શોધવા અંગેની મળેલી સુચનાના પગલે ક્રાઇમ બ્રાન્ચની ટીમે કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ આરોપીને દબોચી લઇ અમરેલી જીલ્લામાં થયેલી ૧૨થી વધુ વાહન ચોરીના ભેદ ઉકેલી નાખ્યા છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ ડી.પી.ઝાલાની સુચનાથી એએસઆઇ સમીરભાઇ શેખ, કોન્સ. જીલુભાઇ અને મનીષભાઇ ચાવડા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન હકિકત મળી હતી કે, અમરેલીમાંથી બાઇક ચોરી કરી એક બાળ આરોપી રાજકોટમાં વેંચવા આવ્યો હોવાની હકિકતના આધારે ક્રાઇમ બ્રાન્ચની ટીમે આ બાળ આરોપીને દબોચી લઇ આકરી પુછપરછ કરતા અમરેલી જીલ્લામાં અલગ-અલગ સ્થળોએથી ૧૨થી વધુ વાહનોની ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે રૂ.૩.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ અર્થે બાળ આરોપીનો કબ્જો અમરેલી પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

જેતપુરના ખીરસરારોડ પર દેશી તમંચા સાથે શખ્સની ધરપકડ

મુખ્ય સમાચાર, રાજકોટ

જેતપુર સીટી પોલીસે બાતમીના આધારે ખીરસરારોડ પરથી દેશી બનાવટના તમંચા સાથે ભેસાણ તાલુકાના આમદપરાના શખ્સને દબોચી લઇ રૂ.૫૦૦૦ની કિંમતનું હથીયાર કબ્જે કર્યુ છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુર સીટી પોલીસ મથકના પીઆઇ એ.ડી.પરમારની સુચનાથી પીએસઆઇ જે.પી.મલ્હોત્રા, એએસઆઇ અંકિતભાઇ, મહેશભાઇ, હેડ કોન્સ. દિવ્યેશભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, ભેસાણ તાલુકાના આમદપરાનો વતની અને હાલ જેતપુરમાં રહેતો દિનેશ ગાંડુ ગરચરીયા નામના શખ્સ પાસે દેશી બનાવટનો તમંચો હોવાની હકિકત મળતા પોલીસે ખીરસરા રોડ પરથી શખ્સને દબોચી લઇ તેની અંગ ઝડતી લેતા નેફામાંથી રૂ.૫૦૦૦ની કિંમતનો દેશી બનાવટનો તમંચો મળી આવતા પોલીસે આ શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જંગલેશ્વરના દબાણકારોને વૈકલ્પીક વ્યવસ્થા નહીં મળેઃ જિલ્લા કલેક્ટર

હાઈકોર્ટના નિર્દેશ અને રેવન્યુ ટ્રીબ્યુનલના આદેશ મુજબ કાર્યવાહી કરવા તંત્રનો સ્પષ્ટ સદેશ

મુખ્ય સમાચાર, રાજકોટ

સરકારી જમીન પર દબાણો ખડકનાર દબાણકારો માટે વૈકલ્પીક વ્યવસ્થા કરી આપવાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી તેવું સ્પષ્ટપણે જણાવી જિલ્લ કલેક્ટર ડો.ઓમપ્રકાશએ જણાવ્યું હતું કે જંગલેશ્વરના દબાણોના મામલે હાઈકોર્ટના નિર્દેશ અને ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલના આદેશ મુજબ હવે પછી કાર્યવાહી કરવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે કલેક્ટર તંત્ર દ્વારા જંગલેશ્વર વિસ્તારની સરકારી જમીન પર ખડકાયેલા મકાનોમાં વસવાટ કરતા ૧૩૫૮ પરિવારોને તેમના રહેણાંકના આ મકાનો ખાલી કરી દેવા માટે ગત તા.૨૭ જાન્યુ.ના ૨૦૨ની આખરી

નોટીસ ફટકારવામાં આવી હતી. આ પહેલા અલગ-અલગ બે નોટીસ ફટકારી શહેરના પૂર્વ વિભાગના મામલતદાર દ્વારા અસરગ્રસ્તોને રૂબરૂ બોલાવી સુનાવણી કરી મકાનોના આધાર-પુરાવા સહિત દસ્તાવેજો ચકાસવામાં આવેલ હતા. પરંતુ એક લાખ ચો.મીટરથી વધુની આ જમીન સરકારી સાબીત થતા અસરગ્રસ્તોને તેમના આ મકાનો ખાલી કરવા માટે આ આખરી નોટીસ ફટકારી સાત દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવેલ હતું.

પરંતુ ત્યારબાદ આ મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચતા હાઈકોર્ટે આ પ્રકરણમાં ગુજર ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં જવા માટે અસરગ્રસ્તોને ડાયરેકશન આપેલ હતું. આ અંગે સ્પષ્ટતા કરતા જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશએ જણાવ્યું હતું કે સરકારી જમીન પર થયેલા આ દબાણોના મામલે હાઈકોર્ટના આદેશનું ચુસ્તપણે પાલન કરાશે.

તેઓએ વધુમાં જણાવેલ હતું કે સરકારી જમીન પર ખડકાયેલા દબાણોના મામલે વૈકલ્પીક વ્યવસ્થા અસરગ્રસ્તો માટે કરવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. હાઈકોર્ટે અસરગ્રસ્તોને ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલ (જીઆરટી)માં અપીલ કરવા માટે ત્રણ માસની મુદત આપેલ છે. રેવન્યુ ટ્રીબ્યુનલમાં આ પ્રકરણમાં નિર્ણય લેવા માટેની પ્રક્રિયા ચાલુ છે ત્યાં સુધી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાશે નહીં. રેવન્યુ ટ્રીબ્યુનલના આદેશનું પાલન કરાશે. હાઈકોર્ટ દ્વારા વહીવટી તંત્રને આ અંગે કોઈ સુચના અપાયેલ નથી.